MANOGAT • Year-36 • Issue-23 • 10 March 2018 • Fagan Vad 9, Samvat 2074 • Yugabd 5119 • Price : Rs. 5/- • Pages : 28






# મનોગત

भारतीय जनता पार्टी
ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम्।

## પૂરબ સે કમલ ખિલા
## પૂરે દેશ મેં ફૈલા ઉજીયારા



## ભારત મહિલા વિકાસથી

# મહિલા-સંચાલિત વિકાસ

## તરફ આગળ વધી રહ્યું છે.

- શ્રી નરેન્દ્રભાઈ મોદી



આપણી નારી શક્તિ એક નવા ભારતનું નિર્માણ કરવા આગળ વધી રહી છે.

# રાષ્ટ્રીય પોષણ અભિયાન

**યોગ્ય પોષણ, દેશ રોશન**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે ભારતમાંથી કુપોષણને નાબૂદ કરવા રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવી રહ્યું છે.

### બેટી બચાઓ બેટી પઢાઓ

દેશમાં માનસિકતામાં બદલાવ લાવવો.
167 જિલ્લાઓમાં સફળ અમલીકરણ બાદ દેશના 640 જિલ્લાઓમાં યોજનાનું વિસ્તરણ કરાયું.

### સુકન્યા સમૃદ્ધિ યોજના

કન્યાને નાણાકીય રીતે સશક્ત બનાવવી, કન્યાઓ માટે 1.26 કરોડ બેંક ખાતાઓ ખોલવામાં આવ્યાં.

### પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન

સુરક્ષિત ગર્ભાવસ્થાને જનઅભિયાન બનાવવું. 1 કરોડથી વધુ સગર્ભા મહિલાઓની તપાસ કરાઇ.

### પ્રધાનમંત્રી માતૃવંદના યોજના

માતા અને બાળકને યોગ્ય પોષણ સુનિશ્ચિત કરવું. સગર્ભા કે સ્તનપાન કરાવતી મહિલાઓને રૂ.6000 ની નાણાકીય સહાય.

### કિલ્કારી

દેશભરમાં સગર્ભા મહિલાઓને ગર્ભાવસ્થા, બાળકની સારસંભાળ અને બાળકના જન્મ વિશે 5.82 કરોડ ઓડિયો સંદેશ મોકલવામાં આવ્યાં.

### પ્રસૂતિ રજા

મહિલાઓને કાર્ય અને જીવન વચ્ચે સંતુલન સ્થાપવામાં મદદરૂપ થવું

પ્રસૂતિ રજા 12 અઠવાડિયાથી વધારીને 26 અઠવાડિયા કરવામાં આવી.

### ઉજ્જવલા યોજના

ગરીબ મહિલાઓને ધુમાડામુક્ત જીવન પ્રદાન કરવા 3.5 કરોડ મફત રાંધણ ગેસ જોડાણ આપવામાં આવ્યાં.

જોડાણનો લક્ષ્યાંક 5 કરોડથી વધારી 8 કરોડ કરાયો.

### કન્યાઓના શિક્ષણ પર વિશેષ ધ્યાન

માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે બહુવિધ શિષ્યાવૃતિ યોજનાઓ

### જન ધન યોજના

મહિલાઓને બેંકિંગ અને નાણાકીય સેવાઓ મળી. 16.42 કરોડ મહિલાઓને બેંક ખાતા મળ્યાં.

### મુદ્રા યોજના

મુદ્રા લોન દ્વારા 7.88 કરોડ મહિલા ઉદ્યોગસાહસિકોની આકાંક્ષાઓ પૂર્ણ કરવા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું.

### સ્ટેન્ડ અપ ઈન્ડિયા

મહિલા ઉદ્યોગસાહસિકોને રૂ.6895 કરોડની લોન આપવામાં આવી.

### રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા અભિયાન

મહિલા સ્વયં-સહાય જૂથો અપાતી લોનની રકમમાં 37 ટકાનો વધારો થયો.

### ત્રણ તલાક વિધેયક

મુસ્લિમ મહિલાઓને સશક્ત બનાવતું વિધેયક લોકસભામાં પસાર કરાયું

### મેહરમ વિના હજ

મુસ્લિમ મહિલાઓ હવે પુરુષ સંરક્ષક વિના હજયાત્રા કરી શકે છે.

### મહિલાઓને પ્રાધાન્ય આપવું

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મહિલાઓને પ્રાથમિકતા આપવામાં આવી. સિંગલ મધર્સ માટે પાસપોર્ટના નિયમો હળવા બનાવાયા.

“ અમારું નવા ભારતનું સ્વપ્ન, એ ભારતની મહિલાઓ દ્વારા સશક્ત ભારતનું નિર્માણ કરવાનું છે. એવું ભારત, જ્યાં નારી શક્તિનું સશક્તીકરણ થાય, તેને તાકાત મળે અને દેશના સર્વવ્યાપી વિકાસમાં તેઓ સમાન ભાગીદાર બને. ”



**Year - 36 • Issue - 23 • Pages-28**


- ત્રિપુરા, નાગાલેંડ અને મેઘાલયમાં ભાજપા ગઠબંધનની ભવ્ય તથા ઐતિહાસિક જીત ૪
- મન કી બાત ૭
- રન ફોર ન્યુ ઈન્ડિયા ૧૧
- રાજ્ય સરકારે છેવાડાના માનવી સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા આગોતરું આયોજન કર્યું ૧૨
- ઠાકોર-કોળી વિકાસ નિગમના ઉપક્રમે યોજાયો ગૌરવશાળી સમારોહ ૧૫
- ગુજરાતનું અંદાજપત્ર પ્રજાલક્ષી - સર્વાંગી વિકાસનું અને સૌનો સાથ સૌના વિકાસના કર્મમંત્રને સાર્થક કરનારું ૧૬
- ભાજપા કિસાન મોરચાની કારોબારી તેમજ આઈ.ટી. અને સોશિયલ મીડિયા વર્કશોપ યોજાયો ૧૮
- ગુજરાતના પોલીસ તંત્રમાં એક જ વર્ષમાં ૧૭,૫૩૨ જગ્યાઓ ભરવામાં આવી ૨૦
- ભાજપ સરકારના આગવા સમાચાર ૨૧
- રાજ્ય સરકાર દ્વારા ગીર અભયારણ્યના વિકાસમાં રૂા. ૧૫ કરોડના નવા પ્રકલ્પોની કરાયેલી જાહેરાત ૨૩
- કાશ્મીર સમસ્યા ઉકેલવા સેના અને ભાજપા સરકાર સઘન પ્રયાસો કરી રહી છે ૨૪



પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**

**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**

દીનદયાળ ભવન, જે.પી. ચોક,

ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**

E-mail : manogat.1980@gmail.com




**તંત્રી મુદ્રક પ્રકાશક :**

**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**

Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.

## તંત્રીસ્થાનેથી

# પૂર્વમાં લાલ રંગ આથમ્યો અને ભગવું કમળ ખીલ્યું

**શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ભાજપને મળેલા વિચારધારાના આ બહુમૂલ્ય વિજયને હૃદયપૂર્વકનાં અભિનંદન**

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આજે એક ખાસ વાત કરવી છે.

ત્રિપુરા એટલે સામ્યવાદનો ગઢ.

વર્ષો પહેલાંથી લડાઈ માત્ર બે વિચારધારાની જ રહી છે. ભગવી અને લાલ રંગની. કોંગ્રેસ પાસે તો કોઈ સુનિશ્ચિત વિચારધારા આઝાદીથી અત્યાર સુધી રહી જ ક્યાં છે ?

આપણો ભગવો ધ્વજ - રાષ્ટ્રવાદ અને ધર્મ સંસ્કૃતિનું પ્રતીક અને સામ્યવાદનો લાલ રંગ એટલે અન્ય દેશોના વિચારકોના મૃતઃપાય વારસાને વકીલપણા સાથે ઓઢીને ફરવાની વાત.

સામ્યવાદ માટે દેશ એટલે જમીનનો એક ટુકડો માત્ર અને 'ધર્મ' એટલે તો 'અફીણ' ! આપણા માટે તો દેશ એટલે 'ભારતમાતા' અને 'ધર્મ સંસ્કૃતિ' એટલે જીવન જીવવાની પદ્ધતિ.

પ્રજાની રાષ્ટ્રભાવનાએ અને ભાજપની રાષ્ટ્રભક્તિએ આજે સામ્યવાદી અભેદ કિલ્લાને પણ જમીનદોસ્ત કરી દીધો.

પૂર્વમાં લાલ રંગ આથમ્યો અને ભગવું કમળ ખીલ્યું.

રાષ્ટ્રભક્તિનો સૂર્ય પૂર્વમાંથી ખરા અર્થમાં ઊગ્યો.

આઝાદીથી અત્યાર સુધી જનસંઘ-ભાજપની વિચારધારા માટે ડાબેરીઓની દાદાગીરીની સામે આપણી વિચારધારાને પ્રસ્થાપિત કરવા સતત લડતા રહેલા, શહીદી વહોરનારાઓ કેટકેટલાય પાયાના કાર્યકરોને ફરીથી આજે હૃદયપૂર્વકનાં વંદન.

શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ભાજપને મળેલા વિચારધારાના આ બહુમૂલ્ય વિજયને હૃદયપૂર્વકનાં અભિનંદન.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

## અત્યારે ભાજપાનું અખિલ ભારતીય સ્વરૂપ દુનિયાની સમક્ષ



### પાર્ટી કાર્યકર્તા પાંચ પેઢીઓથી ઉત્તર-પૂર્વમાં જે રીતે જીતની રાહ જોતા હતા, તે વિજય આપણને મળ્યો છે અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં વિજયની આ પરંપરા આગળ જ વધતી જશે - શ્રી અમિતભાઈ શાહ

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે ભાજપાના કેન્દ્રીય કાર્યાલયમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરી અને ઉત્તર-પૂર્વનાં ત્રણ રાજ્યો, ત્રિપુરા, નાગાલેંડ અને મેઘાલયમાં ભારતીય જનતા પાર્ટી ગઠબંધનની ભવ્ય તથા ઐતિહાસિક જીત માટે ત્રણે રાજ્યોની જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે અભૂતપૂર્વ આ જીતના અવસર પર ત્રિપુરામાં કોમ્યુનિસ્ટ હિંસામાં શહીદ થયેલા પાર્ટીના ૯ કાર્યકર્તાઓને હૃદયના ઊંડાણપૂર્વક નમન કરતાં ઉત્તર-પૂર્વનાં ત્રણે રાજ્યો ત્રિપુરા, નાગાલેંડ અને મેઘાલયના પ્રદેશ અધ્યક્ષો શ્રી બિપ્લવ દેબ, શ્રી વિસાસોલી લહોનગુ, શ્રી શિબુન લિંગદોહ અને શ્રી રામમાધવ, શ્રી સુનીલ દેવધર, શ્રી હેમંત બિસ્વસર્મા, શ્રી નલીન કોહલી, શ્રી કિરીન રિજીજૂ અને શ્રી અલફોંસને તેમના અથક પ્રયાસો માટે વધાઈ આપી.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ઉત્તર-પૂર્વમાં ભારતની આ જીત પાર્ટીના કાર્યકર્તાઓ માટે ઘણા બધા દૃષ્ટિકોણથી હર્ષનો વિષય છે. તેમણે ઉત્તર-પૂર્વનાં ત્રણે રાજ્યોની જનતાને હૃદયપૂર્વક વધાઈ આપતાં કહ્યું કે ઉત્તર-પૂર્વમાં ભારતીય જનતા પાર્ટીની જીતથી એ સ્પષ્ટ થાય છે કે નોર્થ-ઈસ્ટની જનતાએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વનો સ્વીકાર કર્યો છે, અને ઉત્તર-પૂર્વના વિકાસની નરેન્દ્રભાઈની નીતિ પર મહોર લગાવી છે.

ભાજપા અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, '૨૦૧૪ની લોકસભા ચૂંટણીઓ દરમિયાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની જનતાને કહ્યું હતું કે ભારતના સર્વાંગીણ વિકાસ માટે દેશના પશ્ચિમ ભાગની જેમ જ ઉત્તર-પૂર્વના ભાગનો પણ વિકાસ થવો જોઈએ. તેમણે કહ્યું કે જો દેશમાં ભાજપાની સરકાર બનશે તો ઉત્તર-પૂર્વીય ભાગનો વિકાસ સરકારની મુખ્ય પ્રાથમિકતા હશે. ભાજપા અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે કહ્યું કે પ્રધાનમંત્રી પદના શપથ લીધા પછી તરત શ્રી નરેન્દ્રભાઈએ ઉત્તર-પૂર્વના વિકાસ માટે ઈસ્ટ એક્ટ પૉલિસીને કાર્યાન્વિત કરી. તેમણે કહ્યું કે પૂર્વ પ્રધાનમંત્રી શ્રી મોરારજીભાઈ દેસાઈ પછી શિલોંગમાં નોર્થ-ઈસ્ટ કાઉન્સિલની રેગ્યુલર મીટિંગનું શ્રેય શ્રી નરેન્દ્રભાઈને મળે છે. તેમણે કહ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારમાં હર પંદર દિવસે કેન્દ્ર સરકારના કોઈ ને કોઈ મંત્રી ઉત્તર-પૂર્વના કોઈ ને કોઈ રાજ્યમાં વિકાસ કાર્યક્રમોને લઈને આવતા હોય છે અને વિકાસ પરિયોજનાઓની પ્રગતિની સમીક્ષા કરે છે. તેમણે કહ્યું કે નોર્થ-ઈસ્ટના વિકાસ માટે પૈસા તો પહેલાંથી ફાળવાતા રહ્યા હતા, પરંતુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ અને મોદી સરકારની સફળ નીતિઓને કારણે પૈસો વિકાસમાં પરિવર્તિત થવા લાગ્યો અને ઉત્તર-પૂર્વના અંતિમ વ્યક્તિ સુધી વિકાસને પહોંચાડવામાં અમને સફળતા મળી. તેમણે કહ્યું કે ઉત્તર-પૂર્વમાં ભાજપાની આ ઐતિહાસિક જીત એ શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની નીતિઓની જ જીત છે.'

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે જો ત્રિપુરા, નાગાલેંડ અને મેઘાલયની વાત કરીએ તો ત્રિપુરામાં ગત ચૂંટણીમાં ભાજપાને કેવળ ૧૩ ટકા મત મળ્યા હતા, પાર્ટીને એક પણ બેઠક પર જીત નહોતી મળી, ત્યાં સુધી કે કેવળ એક બેઠક પર અમારી ડિપોઝિટ બચી હતી, પરંતુ આ વખતે ભાજપ ગઠબંધનને ત્રિપુરામાં ૪૩ સીટોની સાથે બે તૃતીયાંશ બહુમતી પ્રાપ્ત થઈ છે અને ભાજપાની પૂર્ણ બહુમતીવાળી સરકાર રચાઈ છે. તેમણે કહ્યું કે આ વખતે એનડીએ ૫૦ ટકા વોટથી પણ વધુને ક્રોસ કરી ગયું છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ગુજરાત, હિમાચલ પ્રદેશ પછી ત્રિપુરા લગાતાર એવું રાજ્ય છે જ્યાં ભાજપાને ૪૯ થી ૫૦ ટકા વોટ મળ્યા છે. ભાજપા માટે આ એક બહુ મોટી ઉપલબ્ધિ છે. તેમણે કહ્યું કે ત્રિપુરામાં પાર્ટી કાર્યકર્તાઓએ વામપંથી હિંસાનો અડીખમ રહી સામનો કર્યો. આપણા કેટલાય



# પૂર્વોત્તરની વિધાનસભાઓનાં ચૂંટણી પરિણામોને દેશમાં એક નવા યુગની શરૂઆતના રૂપે જોવાં જોઈએ - શ્રી નરેન્દ્રભાઈ મોદી

પ્રધાનમંત્રી શ્રી નારેન્દ્રભાઈ મોદીએ ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય કાર્યાલયમાં ઉત્તર-પૂર્વનાં ત્રણ રાજ્યો ત્રિપુરા, નાગાલેંડ અને મેઘાલયમાં ભાજપાના નેતૃત્વમાં એનડીએના ઐતિહાસિક વિજયના અવસર વખતે કાર્યકરોને સંબોધન કર્યું હતું અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહને ભાજપાની વિકાસયાત્રાના શિલ્પી તરીકે બિરદાવીને આ અભૂતપૂર્વ જીત માટે ત્રણે રાજ્યોની જનતા, પાર્ટીના કાર્યકર્તાઓ તથા પદાધિકારીઓને તેમણે હાર્દિક વધાઈ આપી હતી. આની પહેલાં ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે સભાને સંબોધિત કરતાં ત્રણે રાજ્યો (ત્રિપુરા, નાગાલેંડ અને મેઘાલય)ની જનતાને લોકતંત્રની જીત માટે વધાઈ આપી અને કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની વિકાસની નીતિ પર જનતાની આ મહોર છે. સભામાં ભારતીય જનતા પાર્ટીની સંસદીય સમિતિના બધા સભ્યો ઉપસ્થિત હતા.

પ્રધાનમંત્રીએ પોતાના ઉદ્‌બોધનને અજાન અર્થે બે મિનિટ માટે સ્થગિત કરી દીધું. તે પછી તેમણે કેરળ, પશ્ચિમ બંગાળ અને ત્રિપુરામાં વામપંથની હિંસાની રાજનીતિના કારણે શહીદ થયેલા પાર્ટી કાર્યકર્તાઓને શ્રદ્ધાંજલિ અર્પી. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટીના અનેક કાર્યકર્તાઓએ પાર્ટી માટે શહીદી વહોરી લીધી છે. તેમની શહાદત કદી એળે જવા નહિ દેવાય. તેમણે કહ્યું કે રાજનીતિક વિચારધારાને કારણે આપણા નિર્દોષ કાર્યકર્તાઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે, કારણ કે આપણા વિરોધીઓમાં લોકતાંત્રિક ઢબથી લડવાની તાકાત નથી. તેમણે કહ્યું કે ભય અને ભ્રમ આ બે હથિયારોથી, ખાસ કરીને ડાબેરી પક્ષોએ પાર્ટી કાર્યકરો પર જે જુલમ કર્યો છે, તે અકથનીય છે, પરંતુ આ દેશના લોકતંત્રની શક્તિ છે કે ગરીબમાં ગરીબ જનતાએ પણ આ ચોટનો જવાબ વોટથી આપ્યો છે. તેમણે કહ્યું કે લોકતંત્રમાં જય અને પરાજય સ્વાભાવિક છે, પરંતુ પાર્ટીઓએ પરાજયને પચાવવો જોઈએ, પરંતુ જેઓ લોકતંત્ર બારામાં મોટી મોટી વાતો કરે છે, એ ડાબેરી પક્ષો આને પચાવી શકતા નથી.

તેમણે કહ્યું કે ત્રિપુરાની જીત કોઈ સાધારણ જીત નથી, બલ્કે તે શૂન્યથી શિખર સુધીની યાત્રા છે. તેમણે કહ્યું કે પૂર્વોત્તરની વિધાનસભાની આ ત્રણ બેઠકોના ચૂંટણી પરિણામોને દેશમાં એક નવા યુગની શરૂઆતના રૂપે જોવાં જોઈએ. તેમણે કહ્યું કે પૂર્વોત્તરની જનતાએ ભારતીય જનતા પાર્ટીની સરકારની એક્ટ ઈસ્ટ પૉલિસીનું સમર્થન કર્યું છે અને અમે પૂર્વોત્તરની જનતા માટે કામ કરવા અને તેમનાં સપનાંને પૂરાં કરવા માટે પ્રતિબદ્ધ છીએ. તેમણે કહ્યું કે વિપક્ષના દુષ્પ્રચારની વચ્ચે ભારતીય જનતા પાર્ટીની સચ્ચાઈ દેશના આમઆદમી સુધી પહોંચી છે.

પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે દેશના રાજકીય વિશ્લેષકોએ એ વિચાર કરવો જોઈએ કે લોકતંત્રમાં સીધી-સરળ વાત અને વિકાસની રાજનીતિ દ્વારા ચૂંટણી અને લોકોનાં દિલ જીતી શકાય છે, હિંસા, જાતિવાદ અને નફરતની રાજનીતિથી નહીં. ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ આ બાબતને ચરિતાર્થ કરી દેખાડી છે. તેમણે કહ્યું કે અમે દેશમાં પોલિટિક્સ ઓફ પરફોર્મન્સની નીતિની શરૂઆત કરી છે અને દેશની જનતાએ આમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે જ્યારે ૨૦૧૪માં પ્રધાનમંત્રી બન્યો તો દિલ્હીમાં નોર્થ-ઈસ્ટ યુવાઓ પર થઈ રહેલા હુમલાઓને રોકવા અમે એક મુહિમ ઊભી કરી અને નોર્થ ઈસ્ટના યુવાનોના મનમાં એ ભરોસો જગાવવામાં અમે સફળ રહ્યા કે દિલ્હીમાં એમના માટે વિચારનારી સરકાર છે. હવે તેમના માટે દિલ્હી દૂર નથી. તેમણે કહ્યું કે અમારા ડોનર મંત્રાલયનું પૂરું સેક્રેટરિયેટ પૂર્વોત્તરના દરેક રાજ્યમાં જાય છે. કેન્દ્ર સરકારના કોઈ ને કોઈ મંત્રી દર પંદર દિવસે નોર્થ ઈસ્ટના કોઈ ને કોઈ રાજ્યમાં એક દિવસ વિતાવીએ છીએ અને ત્યાંનાં વિકાસકાર્યોને ગતિ આપીએ છીએ. તેમણે કહ્યું કે પૂર્વોત્તરની જનતાનું હું હાર્દિક અભિવાદન કરું છું અને પાર્ટી કાર્યકરો અને પાર્ટીના પદાધિકારીઓનું ખૂબ ખૂબ અભિવાદન કરું છું.

●

કાર્યકર્તાઓ શહીદ થયા, પરંતુ ડગ્યા વગર, વગર ઝૂક્યે કાર્યકર્તાઓએ હરેક બૂથ પર પાર્ટીની મજબૂતી માટે અથક પ્રયાસો કર્યા. તેમણે કહ્યું કે ભાજપાએ ત્રિપુરામાં 'ચલો પલટાઈ'નો નારો આપ્યો હતો અને આજે ત્રિપુરાની જનતાએ તેને આત્મસાત્ કરીને ભાજપાને બે તૃતીયાંશ બહુમત સાથે ભવ્ય જનાદેશ આપ્યો. તેમણે ભારપૂર્વક કહ્યું કે ભાજપાને ભલે ફક્ત પોતાના પગ પર ત્રિપુરામાં બહુમત મળ્યા છે, પરંતુ અમે અમારી પરંપરા અનુસાર અમારા સહયોગીઓ સાથે મળીને સરકાર ચલાવીશું. નાગાલેંડનાં ચૂંટણી પરિણામોની ચર્ચા કરતાં ભાજપા અધ્યક્ષે કહ્યું કે નાગાલેંડમાં ગઈ વખતે ભાજપાને ૨ ટકાથી પણ ઓછા વોટ મળ્યા હતા, અને કેવળ ૧ બેઠક પર જીત મળી હતી, જ્યારે અત્યાર સુધીના પ્રાપ્ત થયેલ આંકડા અનુસાર ભાજપને ૧૧ બેઠકો મળી રહી છે. એનડીએને પ્રદેશમાં લગભગ ૪૦ ટકા વોટ મળ્યા છે અને ભાજપા ગઠબંધનને પૂર્ણ બહુમત મળતો હોવાનું પ્રતીત થઈ રહ્યું છે.

મેઘાલયનાં ચૂંટણી પરિણામો વિશે બોલતાં શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે મેઘાલયમાં પણ કોંગ્રેસના કુશાસનની વિરુદ્ધ પરિવર્તનનો જનાદેશ દેખાઈ રહ્યો છે અને ભાજપા ગઠબંધનને સારી સફળતા મળી રહી છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ઉત્તર-પૂર્વનાં ત્રણે રાજ્યોનાં ચૂંટણી પરિણામો આવનારી કર્ણાટક વિધાનસભા ચૂંટણી અને લોકસભા ચૂંટણી પરિણામોનાં દ્યોતક છે. તેમણે કહ્યું કે એક જમાનો હતો જ્યારે ભાજપા કેવળ હિંદી ભાષી ક્ષેત્રની પાર્ટી માનવામાં આવતી હતી, જ્યારે આજે લડાખ, કેરળ, કોહિમાથી લઈને કચ્છ અને જમ્મુ-કાશ્મીર સુધી ભાજપાની પ્રભાવી ઉપસ્થિતિ છે અને ઘણાં બિનહિંદી ભાષી રાજ્યોમાં જનતા પાર્ટીની સરકારો છે. તેમણે કહ્યું કે અત્યારે ભાજપાનું અખિલ ભારતીય સ્વરૂપ દુનિયાની સમક્ષ છે. તેમણે કહ્યું કે ત્રિપુરામાં ભાજપાની ઐતિહાસિક જીતનો સૌથી વધુ આનંદ પશ્ચિમ બંગાળ અને કેરળના કાર્યકર્તાઓને થઈ રહ્યો છે, કેમ કે તેમણે વર્ષો સુધી વામપંથી પક્ષોની હિંસાને સહન કરી છે. આપણા કેટલાય કાર્યકર્તાઓએ પોતાની આહુતિ આપી દીધી છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ત્રણે રાજ્યો ત્રિપુરા, નાગાલેંડ અને મેઘાલયની જનતાએ કોંગ્રેસને જાકારો આપ્યો છે. ત્યાં સુધી કે ત્રિપુરા અને નાગાલેંડમાં તો કોંગ્રેસનું ખાતું સુધ્ધાં ખૂલ્યું નથી, ઘણી સીટો પર તો કોંગ્રેસની ડિપોઝિટ પણ જપ્ત થઈ ચૂકી છે. આ બતાવે છે કે દેશની જનતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપા સાથે જોડાઈ રહી છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી ડાબેરીઓનો સવાલ છે, ડાબેરીઓ ભારતના કોઈ પણ હિસ્સા માટે લાયક નથી. તેમણે કહ્યું કે પહેલાં પશ્ચિમ બંગાળ અને હવે ત્રિપુરાથી વામપંથી પાર્ટીઓની વિદાયથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે દેશમાં વામપંથીઓનો પ્રભાવ હવે ખતમ થઈ ચૂક્યો છે. તેમને દેશની પ્રજા પસંદ કરતી નથી. બંને રાજ્યોમાંથી વામપંથીઓની વિદાય ભાજપાના ઉદયની નિશાની છે.

ભાજપા અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં જે રીતે ભાજપાની સરકારે ગામડાં, ગરીબો, ખેડૂતો, દલિત અને આદિવાસીઓ માટે કામ કર્યું છે, તેનું જ પરિણામ છે કે ત્રણે આદિવાસી બહુલ રાજ્ય ત્રિપુરા અને નાગાલેંડમાં ભાજપા ગઠબંધનને ઐતિહાસિક સફળતા મળી છે. તેમણે કહ્યું કે ત્રિપુરાની ૨૦ આદિવાસી સીટોમાંથી બધી જ સીટો ભાજપા જીતી છે. આ ભાજપા, નોર્થ-ઈસ્ટ અને દેશ માટે એક શુભ સંકેત છે. તેમણે કહ્યું કે દેશનાં ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના પૂર્વોત્તરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસો પર જનતાએ લગાવેલી મહોરથી એ સિદ્ધ થઈ ગયું છે કે નોર્થ-ઈસ્ટની જનતા વિકાસ અને શાંતિ ચાહે છે, તથા તે સંઘર્ષ અને બદલાની રાજનીતિથી બહાર આવવા માગે છે.

તેમણે કહ્યું કે મેઘાલયને અગર બાકાત પણ રાખવામાં આવે તો ભારતીય જનતા પાર્ટી તથા સહયોગીઓની દેશનાં ૨૧ રાજ્યોમાં સરકારો છે અને દેશના બહુ મોટા ભૂ-ભાગ તથા આબાદી પર ભાજપાનું શાસન છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપા સરકારે છેલ્લાં ચાર વર્ષોમાં વિશ્વભરમાં ભારતના ગૌરવને પ્રસ્થાપિત કર્યું છે. દેશની સીમાઓને સુરક્ષિત કરી છે, મોંઘવારી પર અંકુશ લગાવ્યો છે અને જનતાની આકાંક્ષાઓને પૂરી કરી બતાવી છે.

ભાજપા અધ્યક્ષે કહ્યું કે લોકતંત્રમાં પાર્ટીની લોકપ્રિયતાનો સૌથી મોટો આધાર જનાદેશ હોય છે અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં દેશમાં થયેલી લગભગ બધી ચૂંટણીઓમાં ભાજપાને જીત મળી છે. ત્રિપુરા, નાગાલેંડ અને મેઘાલયમાં પાર્ટીની જીત આ જ જીતની પછીની કડી છે. તેમણે પાર્ટી વતી નોર્થ-ઈસ્ટમાં ભાજપાની ભવ્ય જીત માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને પાર્ટીના કરોડો કાર્યકર્તાઓને હૃદયપૂર્વક વધાઈ આપતાં કહ્યું કે પાર્ટી કાર્યકર્તા પાંચ પેઢીઓથી ઉત્તર-પૂર્વમાં જે રીતે જીતની રાહ જોતા હતા, તે વિજય આપણને હવે મળ્યો છે અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં વિજયની આ પરંપરા આગળ જ વધતી જશે.



# મન કી બાત

## Clean Energy and green jobs ના આ આંદોલનના ભાગીદાર બનો. પોતાના ગામમાં wasteને wealthમાં પરિવર્તિત કરવા અને ગોબરથી ગોબર-ધન બનાવવાની દિશામાં પહેલ કરો

મારા પ્રિય દેશવાસીઓ,

નમસ્કાર.

> **એક તરફ મહાન ગણિતજ્ઞ બોધાયન, ભાસ્કર, બ્રહ્મપુત્ર અને આર્યભટ્ટની પરંપરા રહી છે તો બીજી તરફ ચિકિત્સાના ક્ષેત્રમાં સુશ્રુત અને ચરક આપણું ગૌરવ છે**

આજે 'મન કી બાત' ની શરૂઆત એક ફોન કોલથી કરીએ છીએ. આદરણીય પ્રધાનમંત્રીજી, હું કોમલ ત્રિપાઠી, મેરઠથી બોલી રહી છું. ૨૮મી તારીખે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (નેશનલ સાયન્સ ડે) છે. ભારતના વિકાસ અને પ્રગતિ, વિજ્ઞાન સાથે સંપૂર્ણપણે જોડાયેલાં છે. આપણે તેમાં જેટલાં સંશોધન અને નવીનીકરણ કરીશું એટલાં જ આપણે આગળ વધીશું અને સમૃદ્ધ બનીશું. શું તમે આપણા યુવામિત્રોને પ્રેરિત કરવા માટે કંઈક કહી શકશો કે જેથી તેઓ વૈજ્ઞાનિક રીતથી પોતાના વિચારોને આગળ વધારે અને આપણા દેશને પણ આગળ વધારી શકે. આભાર.

તમારા ફોન કોલ માટે ખૂબ-ખૂબ આભાર. વિજ્ઞાનને લગતા ઘણા બધા પ્રશ્નો મારા યુવા સાથીમિત્રોએ મને પૂછ્યા છે, એ વિષે કંઈક ને કંઈક લખતા રહે છે. આપણે જોયું છે કે સમુદ્રનો રંગ વાદળી દેખાતો હોય છે પરંતુ આપણે આપણા દૈનિક જીવનના અનુભવો પરથી જાણીએ છીએ કે પાણીનો કોઈ રંગ નથી હોતો. શું આપણે ક્યારેય વિચાર્યું છે કે, નદી હોય કે સમુદ્ર હોય, પાણી રંગીન કેમ બની જાય છે ? આ પ્રશ્ન ૧૯૨૦ના દાયકામાં એક યુવકના મનમાં આવ્યો હતો. આ પ્રશ્નએ જ આધુનિક ભારતના એક મહાન વૈજ્ઞાનિકને જન્મ આપ્યો. જ્યારે આપણે વિજ્ઞાનની વાત કરીએ છીએ ત્યારે સૌથી પહેલાં ભારત-રત્ન સર સી.વી.રમનનું નામ આપણી સામે આવે છે. તેમને લાઈટ સ્કેટરિંગ એટલે કે, પ્રકાશના વિકિરણ પર ઉત્તમ કાર્ય માટે નોબલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તેમની એક શોધ 'રમન ઈફેક્ટ'ના નામથી પ્રસિદ્ધ છે. આપણે દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ઊજવીએ છીએ કેમકે કહેવાય છે કે આ જ દિવસે લાઈટ સ્કેટરીંગની ઘટના વિશે શોધ થઈ હતી, જેના માટે તેમને નોબલ-પુરસ્કાર અપાયો હતો. આ દેશે વિજ્ઞાન ક્ષેત્રમાં કેટલાય મહાન વૈજ્ઞાનિકોને જન્મ આપ્યો છે. એક તરફ મહાન ગણિતજ્ઞ બોધાયન, ભાસ્કર, બ્રહ્મપુત્ર અને આર્યભટ્ટની પરંપરા રહી છે તો બીજી તરફ ચિકિત્સાના ક્ષેત્રમાં સુશ્રુત અને ચરક આપણું ગૌરવ છે. સર જગદીશચંદ્ર બોઝ અને હરગોવિંદ ખુરાનાથી લઈને સત્યેન્દ્રનાથ બોઝ જેવા વૈજ્ઞાનિકો ભારતનું ગૌરવ છે. સત્યેન્દ્રનાથ બોઝના નામ પર તો પ્રખ્યાત પાર્ટિકલ 'બોસોન'નું નામકરણ પણ કરાયું. તાજેતરમાં જ મને મુંબઈના એક કાર્યક્રમમાં હાજર રહેવાનો અવસર મળ્યો - વાધવાની ઈન્સ્ટિટ્યૂટ ફોર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉદ્ઘાટન માટે. વિજ્ઞાનના ક્ષેત્રમાં જે ચમત્કારો થઈ રહ્યા છે, તે વિષે જાણવું ઘણું રસપ્રદ હતું. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી રોબોટ્સ, બોટ્સ અને સ્પેસિફિક ટાસ્ક કરવાવાળાં મશીનો બનાવવામાં સહાયતા મળે છે. આજકાલ મશીનો સેલ્ફ લર્નિંગથી પોતાના ઈન્ટેલિજન્સને વધુ ને વધુ સ્માર્ટ બનાવી રહ્યાં છે. આ તકનિકનો ઉપયોગ ગરીબો, વંચિતો અથવા જરૂરિયાતમંદોના જીવનને બહેતર બનાવવાના કામમાં આવી શકે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના એ કાર્યક્રમમાં મેં વૈજ્ઞાનિક સમુદાયને આગ્રહ કર્યો હતો કે દિવ્યાંગ ભાઈઓ અને બહેનોના જીવનને સુગમ બનાવવા માટે, કેવી રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી મદદ મળી શકે છે. શું આપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી પ્રાકૃતિક સંકટો વિષે વધુ ચોક્કસ અનુમાન લગાવી શકીએ છીએ ? ખેડૂતોને પાક ઊપજ બાબતે કોઈ મદદ કરી શકીએ છીએ ? શું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્વાસ્થ્ય સેવાઓને સુલભ બનાવવા અને આધુનિક રીતે બીમારીઓનો ઈલાજ કરવામાં સહાયક બની શકે છે?

થોડાક દિવસો પહેલાં ઇઝરાયલના પ્રધાનમંત્રીની સાથે મને ગુજરાતમાં, અમદાવાદમાં 'આઈ ક્રિએટ'નાં ઉદ્‌ઘાટનમાં જવાની તક મળી હતી. ત્યાં એક નવયુવકે, એક એવું ડિજિટલ ઇન્સ્ટ્રુમેન્ટ વિકસિત કરી બતાવ્યું કે જેનાથી જો કોઈ બોલી નથી શકતું તો તે ઇન્સ્ટ્રુમેન્ટના માધ્યમથી પોતાની વાત લખતાંની સાથે જ તે સંવાદમાં પરિણમે છે અને તે એ જ રીતે સંવાદ કરી શકે છે કે જેમ એક બોલી શકનાર વ્યક્તિ સંવાદ કરે છે. હું સમજું છું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ અનેક રીતે આપણે કરી શકીએ છીએ.

**વિજ્ઞાનનો માનવ-માત્રના કલ્યાણ માટે ઉપયોગ**

વિજ્ઞાન અને ટેક્નોલોજીનું મૂલ્ય તટસ્થ હોય છે. મૂલ્યની દૃષ્ટિએ તે જાતે સારું કે ખરાબ નથી હોતું. કોઈ પણ મશીન એવું કાર્ય કરશે જેવું આપણે ઇચ્છીશું. પરંતુ, એ આપણા ઉપર આધાર રાખે છે કે, આપણે મશીન પાસેથી શું કામ લેવા માગીએ છીએ. અહીં માનવીય ઉદ્દેશ્ય મહત્ત્વપૂર્ણ બની જાય છે. વિજ્ઞાનનો માનવ-માત્રના કલ્યાણ માટે ઉપયોગ, માનવજીવનની સર્વોચ્ચ ઊંચાઈઓને પામવા માટે પ્રયોગ.

**સેફ્ટી ઇન એવરીડે લાઈફ**

સાથીઓ, કટોકટીના સમયે સલામતી, આપદા આ દરેક વિષયોને લગતા ઘણી બધી વખત ઘણા બધા સંદેશ મને મળતા રહે છે, લોકો કંઈક-ને-કંઈક લખતા જ રહે છે. પૂનાથી શ્રીમાન રવીન્દ્ર સિંહે નરેન્દ્ર મોદી મોબાઈલ એપ પર પોતાની કમેન્ટમાં ઓક્યુપેશનલ સેફ્ટી વિષય પર વાત કરી છે. તેમણે લખ્યું છે કે આપણા દેશમાં ફેક્ટરી અને કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર સુરક્ષાના માપદંડો એટલા સારા નથી. આગામી ૪ માર્ચે ભારતનો રાષ્ટ્રીય સલામતી દિવસ છે, તો પ્રધાનમંત્રી પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં સલામતી પર વાત કરે જેથી લોકોમાં સલામતીને લઈને જાગૃતિ વધે. જ્યારે આપણે જનસલામતીની વાત કરીએ છીએ ત્યારે બે વાત ખૂબ મહત્ત્વપૂર્ણ હોય છે - એક પ્રોએક્ટિવનેસ અને બીજી પ્રિપેરેડનેસ. સલામતી બે પ્રકારની હોય છે - એક એ જે આપદા સમયે જરૂરી હોય છે, સેફ્ટી ડ્યુરિંગ ડિઝાસ્ટર અને બીજી એ કે જેની દૈનિક જીવનમાં જરૂર પડે છે, સેફ્ટી ઇન એવરીડે લાઈફ. જો આપણે દૈનિક જીવનમાં સલામતીને લઈને જાગ્રત નથી, તેને પ્રાપ્ત નથી કરી શકતા તો પછી આપદાઓ દરમિયાન તેને પામવી મુશ્કેલ બની જાય છે. આપણે બધા ઘણી વખત માર્ગો પર લખેલાં બોર્ડ વાંચીએ છીએ. તેમાં લખ્યું હોય છે -

- સતર્કતા હટી - દુર્ઘટના ઘટી,
- એક ભૂલ કરે નુકસાન, છીને ખુશિયાં ઔર મુસ્કાન
- ઇતની જલ્દી ન દુનિયા છોડો, સુરક્ષા સે અબ નાતા જોડો
- સુરક્ષા સે ન કરો કોઈ મસ્તી, વર્ના જિંદગી હોગી સસ્તી

તેનાથી વધુ આ વાક્યોનો આપણા જીવનમાં ક્યારેય પણ કોઈ ઉપયોગ નથી થતો. કુદરતી આપદાઓને જો છોડી દઈએ તો મોટાભાગના અકસ્માતો, આપણી કોઈ ને કોઈ ભૂલોનું પરિણામ હોય છે. જો આપણે સતર્ક રહીએ, જરૂરી નિયમોનું પાલન કરીએ તો આપણે આપણા જીવનની રક્ષા તો કરી જ શકીએ છીએ, પરંતુ ખૂબ મોટા અકસ્માતોથી પણ આપણે સમાજને ઉગારી શકીએ છીએ. ક્યારેક-ક્યારેક આપણે જોયું છે કે, કાર્યસ્થળે સલામતીને લઈને ઘણાં બધાં સૂત્રો લખેલાં હોય છે પરંતુ જ્યારે જોઈએ છીએ ત્યારે ક્યાંય તેનું પાલન થતું દેખાતું નથી. મારો તો આગ્રહ છે કે મહાનગર પાલિકા, નગર પાલિકાઓ કે જેની પાસે ફાયર બ્રિગેડ હોય છે તેમને અઠવાડિયામાં એક વખત અથવા મહિનામાં એક વખત અલગ-અલગ સ્કૂલોમાં જઈને સ્કૂલોના બાળકોની સામે મોક ડ્રિલ કરવી જોઈએ. તેનાથી બે લાભ થશે - ફાયર બ્રિગેડને પણ સતર્ક રહેવાની આદત રહેશે અને નવી પેઢીને તેની શિક્ષા પણ મળે છે અને તેના માટે કોઈ અલગ ખર્ચ પણ થતો નથી - એક રીતે શિક્ષાનો જ એક ક્રમ બની રહે છે અને હું હમેશા આ વાતનો આગ્રહ રાખતો રહું છું. જ્યાં સુધી આપદાઓની વાત છે, ડિઝાસ્ટરની વાત છે, તો ભારત ભૌગોલિક અને જળવાયુની દૃષ્ટિએ વિવિધતાઓથી ભરેલો દેશ છે. આ દેશે કેટલીય કુદરતી અને માનવ-નિર્મિત આપદાઓ, જેવી કે રસાયણિક તેમજ ઔદ્યોગિક અકસ્માતોને સહન કર્યા છે. આજે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી એટલે કે એનડીએમએ દેશમાં આપદા-પ્રબંધનમાં નેતૃત્વ કરી રહી છે. ભૂકંપ હોય, પૂર હોય, સાઈક્લોન હોય, ભૂસ્ખલન હોય, એવી વિભિન્ન આપદાઓના રેસ્ક્યુ ઓપરેશન હોય, એનડીએમએ ઝડપથી પહોંચે છે. તેમણે ગાઈડલાઈન પણ જાહેર કરી છે, સાથે-સાથે તે કેપેસિટી બિલ્ડિંગ માટે નિરંતર ટ્રેનિંગનાં કાર્યો પણ કરતા રહે છે. પૂર, સાઈક્લોનના જોખમવાળા જિલ્લાઓમાં સ્વયંસેવકોના પ્રશિક્ષણ માટે પણ 'આપદા મિત્ર' નામની પહેલ કરવામાં આવેલ છે. પ્રશિક્ષણ અને જાગૃતિની બહુ મોટી ભૂમિકા છે. આજથી બે-ત્રણ વર્ષ પહેલાં લૂ - હીટવેવથી દર વર્ષે હજારો લોકો પોતાનો જાન ગુમાવતા હતા. તેના પછી એનડીએમએ હીટવેવના નિવારણ માટે વર્કશોપનાં આયોજન કર્યાં, લોકોમાં જાગૃતિ લાવવા માટે અભિયાન ચલાવ્યાં. હવામાન વિભાગે સચોટ પૂર્વાનુમાન લગાવ્યાં. બધાની ભાગીદારીથી એક સારું પરિણામ સામે આવ્યું. ૨૦૧૭માં લૂ થી થયેલા મૃત્યુની સંખ્યા આશ્ચર્યજનક રૂપથી ઘટીને લગભગ ૨૨૦ સુધી આવી ગઈ. આનાથી જાણી શકાય છે કે જો આપણે

સુરક્ષાને પ્રાથમિકતા આપીએ છીએ તો આપણે સુરક્ષા પ્રાપ્ત કરી શકીએ છીએ. સમાજમાં આ રીતે કામ કરનારા અગણિત લોકો છે.

## સ્વચ્છ ભારત

મારા પ્રિય દેશવાસીઓ, આ વખતે બજેટમાં 'સ્વચ્છ ભારત' અંતર્ગત ગામડાંઓ માટે બાયોગેસના માધ્યમથી waste to wealth અને waste to energy બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો. તેના માટે પહેલ શરૂ કરવામાં આવી અને તેને નામ આપવામાં આવ્યું 'Gobar Dhan' - Galvanizing Organic Bio-Agro Eesources. આ 'Gobar Dhan' યોજનાનો ઉદ્દેશ્ય છે, ગામડાંઓને સ્વચ્છ બનાવવાં અને પશુઓના ગોબર તથા ખેતરોના ઘન કચરાને compost અને bio gasમાં પરિવર્તિત કરીને તેનાથી ધન અને ઊર્જા પેદા કરવી. ભારતમાં ઢોરઢાંખરની વસ્તી સમગ્ર વિશ્વમાં સૌથી વધુ છે. ભારતમાં ઢોરઢાંખરની વસ્તી લગભગ ૩૦ કરોડ છે અને ગોબરનું ઉત્પાદન પ્રતિ દિન લગભગ ૩૦ લાખ ટન છે. કેટલાક યુરોપીય દેશ અને ચીન, પશુઓના ગોબર તથા અન્ય જૈવિક અપશિષ્ટનો ઉપયોગ ઊર્જાના ઉત્પાદન માટે કરે છે પરંતુ ભારતમાં તેની પૂર્ણ ક્ષમતાનો ઉપયોગ નહોતો થઈ રહ્યો. 'સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ' હેઠળ હવે આપણે આ દિશામાં આગળ વધી રહ્યા છીએ.

## ગોબર ધન યોજના

ઢોરના ગોબર, કૃષિમાંથી નીકળતા કચરા, રસોઈ ઘરમાંથી નીકળતો કચરો, આ બધાનો બાયૉગેસ આધારિત ઊર્જા બનાવવા માટે ઉપયોગ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. 'ગોબર ધન યોજના' હેઠળ ગ્રામીણ ભારતમાં ખેડૂતો, બહેનો, ભાઈઓને પ્રોત્સાહિત કરવામાં આવશે કે તેઓ ગોબર અને કચરાને માત્ર wasteના રૂપમાં નહીં, પરંતુ આવકના સ્રોતના રૂપમાં જુએ. 'ગોબર ધન યોજના'થી ગ્રામીણ ક્ષેત્રોને અનેક લાભ મળશે. ગામડાંઓને સ્વચ્છ રાખવામાં મદદ મળશે. પશુઆરોગ્ય વધુ સારું થશે અને ઉત્પાદકતા વધશે. બાયૉગેસથી ભોજન રાંધવા અને પ્રકાશ માટે ઊર્જાના મામલામાં આત્મનિર્ભરતા વધશે. ખેડૂતો અને પશુપાલકોને આવક વધારવામાં મદદ મળશે. Waste Collection, transportation, બાયૉગેસના વેચાણ વગેરે માટે નવી નોકરીઓની તક મળશે. 'ગોબર ધન યોજના'ની સુચારુ વ્યવસ્થા માટે એક Online trading platform પણ બનાવવામાં આવશે જે ખેડૂતોને ખરીદનારાઓ સાથે જોડશે જેથી ખેડૂતોને ગોબર અને Agriculure wasteનો યોગ્ય ભાવ મળી શકે. હું ઉદ્યમીઓ, ખાસ કરીને ગ્રામીણ ભારતમાં રહેતી આપણી બહેનોને આગ્રહ કરું છું કે તમે આગળ આવો. Self Help Group બનાવીને સહકારી સમિતિઓ બનાવીને આ તકનો પૂરો લાભ ઉઠાવો. હું તમને આમંત્રિત કરું છું કે Clean Energy and green jobsના આ આંદોલનના ભાગીદાર બનો. પોતાના ગામમાં wasteને wealthમાં પરિવર્તિત કરવા અને ગોબરથી ગોબર-ધન બનાવવાની દિશામાં પહેલ કરો.

## કચરા મહોત્સવ

મારા પ્રિય દેશવાસીઓ, આજ સુધી આપણે music festival, food festival, film festival કોણ જાણે કેટ-કેટલા પ્રકારના festival વિશે સાંભળતા આવ્યા છીએ. પરંતુ છત્તીસગઢના રાયપુરમાં એક અનોખો પ્રયાસ કરાયો જેમાં રાજ્યમાં પહેલો 'કચરા મહોત્સવ' આયોજિત કરાયો. રાયપુર નગર નિગમ દ્વારા આયોજિત આ મહોત્સવની પાછળ જે ઉદ્દેશ્ય હતો તે હતો સ્વચ્છતા સંદર્ભે જાગરુકતા. શહેરના wasteનો creative use કરવો અને garbageનો reuse કરવાની વિભિન્ન રીતો વિશે જાગરુકતા પેદા કરવી. આ મહોત્સવ દરમિયાન અનેક પ્રકારની પ્રવૃત્તિઓ થઈ જેમાં વિદ્યાર્થીઓથી લઈને મોટી ઉંમરના લોકો સુધી, બધા જ સામેલ થયા. કચરાનો ઉપયોગ કરીને અલગ-અલગ પ્રકારની કળાકૃતિઓ બનાવવામાં આવી. Waste managementના બધાં પાસાંઓ પર લોકોને શિક્ષિત કરવા માટે વર્કશૉપ આયોજિત કરવામાં આવ્યા. સ્વચ્છતાની થીમ પર music performance થયું. Art work બનાવવામાં આવ્યાં. રાયપુરથી પ્રેરિત થઈને અન્ય જિલ્લાઓમાં પણ અલગ-અલગ પ્રકારના કચરા ઉત્સવ થયા. દરેકે પોત-પોતાની તરફથી પહેલ કરતાં સ્વચ્છતાને લઈને innovative ideas જણાવ્યા, ચર્ચાઓ કરી, કવિતા પઠન થયાં. સ્વચ્છતા સંદર્ભે એક ઉત્સવ જેવું વાતાવરણ તૈયાર થઈ ગયું. ખાસ કરીને શાળાના બાળકોએ જે રીતે ઉત્સાહભેર ભાગ લીધો, તે અદ્ભુત હતું. Waste management અને સ્વચ્છતાના મહત્ત્વને જે અભિનવ રીતે આ મહોત્સવમાં પ્રદર્શિત કરાયું તે માટે રાયપુર નગર નિગમ, સમગ્ર છત્તીસગઢની જનતા અને ત્યાંની સરકાર તથા પ્રશાસનને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**The idea of perfect womanhood is perfect independence**


દર વર્ષે ૮ માર્ચે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' મનાવવામાં આવે છે. દેશ અને દુનિયામાં ઘણા બધા કાર્યક્રમો થાય છે. આ દિવસે દેશમાં 'નારીશક્તિ પુરસ્કાર'થી એવી મહિલાઓનો સત્કાર પણ કરવામાં આવે છે જેમણે ગત દિવસોમાં ભિન્ન-ભિન્ન ક્ષેત્રોમાં અનુકરણીય કાર્ય કર્યું હોય. આજે દેશ Woman Developmentથી આગળ woman led development તરફ આગળ વધી રહ્યો છે. આજે આપણે મહિલા

વિકાસથી આગળ, મહિલાના નેતૃત્વમાં વિકાસની વાત કરી રહ્યા છીએ. આ અવસર પર મને સ્વામી વિવેકાનંદના શબ્દો યાદ આવે છે. તેમણે કહ્યું હતું, 'The idea of perfect womanhood is perfect independence'. સવા સો વર્ષ પહેલાં સ્વામીજીનો આ વિચાર ભારતીય સંસ્કૃતિમાં નારીશક્તિના ચિંતનને વ્યક્ત કરે છે. આજે સામાજિક, આર્થિક જીવનના દરેક ક્ષેત્રમાં મહિલાઓની સમાન ભાગીદારી સુનિશ્ચિત કરવી એ આપણું સહુનું કર્તવ્ય છે, તે આપણા બધાંની જવાબદારી છે. આપણે એ પરંપરાનો હિસ્સો છીએ જ્યાં પુરુષોની ઓળખ નારીઓથી થતી હતી. યશોદાનંદન, કૌશલ્યાનંદન, ગાંધારીપુત્ર, આ જ ઓળખાણ હતી કોઈ પુત્રની. આજે આપણી નારીશક્તિએ પોતાનાં કાર્યોથી આત્મબળ અને આત્મવિશ્વાસનો પરિચય આપ્યો છે. પોતાને આત્મનિર્ભર બનાવી છે. તેમણે પોતાને તો આગળ વધારી જ છે, સાથે જ દેશ અને સમાજને પણ આગળ વધારવા અને એક નવા મુકામ પર લઈ જવાનું કામ કર્યું છે. છેવટે આપણું 'New India'નું સપનું આ જ તો છે જ્યાં નારી સશક્ત હોય, સબળ હોય, દેશના સમગ્ર વિકાસમાં સમાન ભાગીદાર હોય. ગત દિવસોમાં મને એક ખૂબ જ સુંદર સૂચન કોઈ મહાશયે કર્યું હતું. તેમણે સૂચન કર્યું હતું કે ૮ માર્ચે 'મહિલા દિવસ' મનાવવા માટે અનેક પ્રકારના કાર્યક્રમો થાય છે. શું દરેક ગામ-શહેરમાં જેમણે ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે તેવી માતાઓ-બહેનોના સન્માનનો કાર્યક્રમ આયોજિત થઈ શકે? અને તેમાં એક લાંબા જીવનની વાતો કરી શકાય? મને વિચાર તો સારો લાગ્યો, તમારા સુધી પહોંચાડી રહ્યો છું. નારીશક્તિ શું કરી શકે છે, તેનાં તમને ઢગલાબંધ ઉદાહરણ મળી જશે. જો તમે તમારી આજુબાજુ નજર દોડાવશો તો કોઈ ને કોઈ આવી વાર્તાઓ તમારા જીવનને પ્રેરણા આપશે. હમણાં જ ઝારખંડથી એક સમાચાર મળ્યા. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત લગભગ ૧૫ લાખ મહિલાઓએ - અને આ આંકડો નાનો નથી, ૧૫ લાખ મહિલાઓએ સંગઠિત થઈને એક માસનું સ્વચ્છતા અભિયાન ચલાવ્યું. ૨૬ જાન્યુઆરી ૨૦૧૮થી શરૂ કરીને આ અભિયાન અંતર્ગત માત્ર ૨૦ દિવસમાં આ મહિલાઓએ ૧ લાખ ૭૦ હજાર શૌચાલયોનું નિર્માણ કરીને એક નવું ઉદાહરણ સ્થાપ્યું છે. તેમાં લગભગ ૧ લાખ સખી મંડળ સમ્મિલિત છે. ૧૪ લાખ મહિલાઓ, ૨ હજાર મહિલા પંચાયત પ્રતિનિધિ, ૨૯ હજાર જલ સખીઓ, ૧૦ હજાર મહિલા સ્વચ્છાગ્રહી તથા ૫૦ હજાર મહિલા બાંધકામ શ્રમિક. તમે કલ્પના કરી શકો છો કે આ કેટલી મોટી ઘટના છે ? ઝારખંડની આ મહિલાઓએ દેખાડી દીધું છે કે નારીશક્તિ, સ્વચ્છ ભારત અભિયાનની એક એવી શક્તિ છે, જે સામાન્ય જીવનમાં સ્વચ્છતાના અભિયાનને, સ્વચ્છતાના સંસ્કારને પ્રભાવી ઢંગથી જન સામાન્યના સ્વભાવમાં પરિવર્તિત કરીને રહેશે.

**કેન્દ્રીય મંત્રીશ્રીઓને રાજ્યસભાના સદસ્ય પદે પુનઃ નિયુક્ત થવા બદલ મનોગત-ભાજપ પરિવારના હાર્દિક અભિનંદન**



**શ્રી મનસુખભાઈ માંડવિયા**



**શ્રી પરસોત્તમભાઈ રૂપાલા**

### સ્વતંત્રતાનાં ૭૦ વર્ષ પછી વીજળી પહોંચી

ભાઈઓ-બહેનો, હમણાં બે દિવસ પહેલાં હું ન્યૂઝમાં જોઈ રહ્યો હતો કે એલિફન્ટા દ્વીપનાં ત્રણ ગામોમાં સ્વતંત્રતાના ૭૦ વર્ષ પછી વીજળી પહોંચી છે અને તેના લીધે ત્યાંના લોકોમાં કેટલો બધો હર્ષ અને ઉત્સાહ છે. તમે બધા સારી રીતે જાણો છો કે એલિફન્ટા દ્વીપ, મુંબઈથી સમુદ્રમાં દસ કિલોમીટર દૂર છે. તે પર્યટનનું એક ઘણું મોટું અને આકર્ષક કેન્દ્ર છે. એલિફન્ટાની ગુફાઓ, UNESCOના વર્લ્ડ હેરિટેજ છે. ત્યાં દરરોજ દેશવિદેશમાંથી બહુ મોટી સંખ્યામાં પર્યટકો આવે છે. એક મહત્ત્વપૂર્ણ પર્યટનનું કેન્દ્ર છે. મને એ વાત જાણીને આશ્ચર્ય થયું કે મુંબઈની નજીક હોવા અને પર્યટનનું આટલું મોટું કેન્દ્ર હોવા છતાં, સ્વતંત્રતાનાં આટલાં વર્ષો સુધી એલિફન્ટામાં વીજળી નથી પહોંચી. ૭૦ વર્ષો સુધી એલિફન્ટા દ્વીપનાં ત્રણ ગામ રાજબંદર, મોરબંદર અને સેતબંદર, ત્યાંના લોકોની જિંદગીમાં જે અંધારું છવાયેલું હતું, ત્યાં હવે અંધારું હટ્યું છે અને તેમનું જીવન પ્રકાશમય બન્યું છે. હું ત્યાંના પ્રશાસન અને જનતાને અભિનંદન આપું છું. મને આનંદ છે કે હવે એલિફન્ટાનાં ગામ અને એલિફન્ટાની ગુફાઓ વીજળીથી પ્રકાશિત થશે. આ માત્ર વીજળી જ નહીં, પરંતુ વિકાસના દોરની એક નવી શરૂઆત છે. દેશવાસીઓનું જીવન પ્રકાશમય હોય, તેમના જીવનમાં ખુશીઓ આવે, તેનાથી વધુ સંતોષ અને ખુશીની પળ બીજી કઈ હોઈ શકે ?

ખૂબ ખૂબ ધન્યવાદ.

નમસ્કાર.

ડૉ. હર્ષદ પટેલ

**સપનાને પુરુષાર્થમાં જોડીને ભારતના નવસર્જનમાં ભાગીદાર બનવા સુરતીઓને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું આહ્‌વાન**

# દુનિયામાં કોઈની તાકાત નથી કે ભારતના સુદૃઢ રાષ્ટ્રના નિર્માણમાં બાધા નાખી શકે - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરતીઓને નવા જોમ-જુસ્સા સાથે નવા ભારતના નિર્માણ માટે રાહ બતાવી છે. આવા કાર્યક્રમો ચેરિટી માટે કે સામાજિક કાર્ય માટે થયા હોય છે, પરંતુ સુરતે ૨૦૨૨માં આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવા અવસરે જેમણે આઝાદીનાં સપનાં જોયાં હતાં, તે પૂરાં કરવા નવા ભારતના નિર્માણમાં દેશ કે રાજયની સરકાર, રાજનેતાથી નથી બનતો પણ દેશ બને છે, જનતા જર્નાદનની શક્તિથી. એકબીજાના સહકારથી આપણે આગળ વધીશું. દુનિયામાં કોઈની તાકાત નથી કે ભારતના સુદૃઢ રાષ્ટ્રના નિમાર્ણમાં બાધા નાખી શકે.

પૂ. મહાત્મા ગાંધીજીએ ૧૯૪૨માં ભારત છોડોના આંદોલન સાથે સ્વતંત્રતાની ચળવળ ઉપાડી હતી અને ૧૯૪૭માં અંગ્રેજોને ભારત છોડવું પડ્યું હતું. આ પાંચ વર્ષનો સમય દેશ માટે સંકલ્પનો છે. ૨૦૨૨માં દેશની આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી થશે ત્યારે દેશની ૧૨૫ કરોડની જનતા સંકલ્પ કરે કે ભારતની બોલબાલા વિશ્વમાં હોય. ભારતની ગુંજ વૈશ્વિક બને, આપની ઈચ્છા-સપનાને સંકલ્પમાં પરિવર્તિત કરવાનો અવસર મળ્યો છે. સહુના પુરુષાર્થમાં જોડાઈને ભારતના નવસર્જનમાં ભાગીદાર બનવા સુરતીઓને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આહ્‌વાન કર્યું હતું.

ભારતમાં અનુકૂળ માહોલ બન્યો છે. સફળતા ત્યારે મળે છે, જયારે બૂરાઈઓ, જાતિવાદના ઝેરથી ભારત મુક્ત હોય, ભ્રષ્ટાચાર માટે સ્થાન ન હોય, સાંપ્રદાયિક વાદવિવાદ ન હોય, નવયુવાનોના સપનાં ને સંકલ્પ, બહેન-બેટીનું સન્માન હોય એવા ભારતના નિર્માણનું ગૌરવ કોને ન હોય ?

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરતે ન્યુ ઇન્ડિયા નિર્માણના સંકલ્પ સાથે એકતા-એકશનને જોડી છે. દોડને સિમ્બોલિક રીતે જોડીને સુરતની વિકાસગાથાને સાકાર કરી છે. આ સુરત છે, જે સંકલ્પ કરે તે કરીને બતાવે છે, એવા સુરતીઓ માટે મારા હૃદયમાં ગૌરવ છે, એવું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરતીલાલાઓ ૩૧મી ઑકટોબર સરદાર વલ્લભભાઈ પટેલ જયંતી અવસરે રન ફોર યુનિટી અને ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીનો વર્લ્ડ રેકોર્ડ બનાવશે એવો સંકલ્પ જરૂર સાકાર કરે એવું જણાવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલકૂદ એ સામૂહિકતાની ભાવનાને ખીલવે છે, સમાજજીવનમાં સામૂહિકતાની ભાવના દેશને એક નવી ઊંચાઈએ લઈ જશે, એ જ નવા ભારતના નિર્માણની ભાવનાને ફળિભૂત કરે છે. નવા ભારત નિર્માણનો સંકલ્પ આઝાદીના દીવાના માટે શ્રદ્ધાંજલિનો અવસર છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુરતને ન્યુ ઇન્ડિયાના નિર્માણમાં ભાગીદાર બનવા સુરતવાસીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, મેરેથોન સમાજશકિતને જોડીને ન્યુ ઇન્ડિયાના નિર્માણમાં સુરત ધબકતું રહે એ માટેની દોડ છે. જેમાં આબાલ, વૃદ્ધ, દિવ્યાંગો, યુવાનો સૌ જોડાયા છે. સુરત વિકાસ માટે દોડ્યું છે. દેશ-ગુજરાતની નવી પેઢી, સુદૃઢ, સમૃદ્ધ બને એવી શુભકામના મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કરી હતી.

રન ફોર ન્યુ ઇન્ડિયા અવસરે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, આદિજાતિ, વન અને પ્રવાસન મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી, સાંસદ શ્રી સી.આર.પાટીલ, દર્શનાબહેન જરદોષ, પ્રભુભાઈ વસાવા, મેયર અસ્મિતાબહેન શીરોયા, ધારાસભ્ય હર્ષ સંઘવી સહિત અગ્રણીઓ તેમજ દોડવીરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

•

**નર્મદા યોજનામાં પાણીની ૫૦ ટકાથી ઓછી આવક છતાં પીવાના પાણી માટે રાજ્ય સરકારનો ભગીરથ પુરુષાર્થ**



# રાજ્ય સરકારે છેવાડાના માનવી સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા આગોતરું આયોજન કર્યું છે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યભરમાં આગામી ઉનાળાના દિવસો દરમિયાન પણ પાણીની મુશ્કેલી સર્જાય નહીં તે માટે આગોતરું આયોજન કરી અગાઉ મંજૂર કરાયેલા તાકીદનાં રૂ. ૨૦૯ કરોડનાં ૩૨ કામોની પ્રગતિની સમીક્ષા કરી હતી.

મુખ્ય મંત્રીશ્રીએ પાણીની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા કરાયેલા આયોજન સંદર્ભે ઉચ્ચ અધિકારીશ્રીઓની બોલાવેલી સમીક્ષા બેઠકને સંબોધતાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારે છેવાડાના માનવી સુધી પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે કામને હંમેશાં પ્રાધાન્ય આપ્યું છે અને એટલે જ આ વર્ષે નર્મદા ડેમમાં ૫૦ ટકાથી પણ ઓછું પાણી ભરાયું હોવા છતાં રાજ્ય સરકારે આગોતરું આયોજન કરીને ૩૧મી જુલાઈ સુધીમાં પાણીની ઊભી થનારી જરૂરિયાતને પહોંચી વળવા યુદ્ધના ધોરણે કામગીરી આરંભી છે.

મુખ્ય મંત્રીશ્રીએ આ સમીક્ષા બેઠકમાં પીવાના પાણી માટે રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારનાં જળાશયોમાં આગામી ચોમાસાને ધ્યાને લઈ જુલાઈ-૨૦૧૮ સુધીનો પાણીનો જથ્થો અનામત રાખવાની સૂચના પણ આપી હતી.

રાજ્યમાં હાલ નર્મદા આધારિત યોજનાઓમાંથી ૮૯૩૯ ગામ અને ૧૬૫ શહેરી વિસ્તારોમાં પીવાનું પાણી પૂરું પડાય છે ત્યારે રવી સીઝન માટે સિંચાઈનુ પાણી અપાયા બાદ સ્થાનિક જળસ્રોતોમાં ઉપલબ્ધ પાણીનો પીવાના પાણી તરીકે સુચારુ ઉપયોગ થાય તેમ પણ મુખ્ય મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાયુ હતું.

રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા આગામી તાઃ ૧૫મી માર્ચથી નર્મદા નહેરમાં માત્ર પીવાના પાણીનું જ વહન કરવાનું નક્કી કર્યું છે ત્યારે આ સમય બાદ મુખ્ય નહેર તથા સૌરાષ્ટ્ર શાખા નહેરમાં જ પીવાનુ પાણી ઉપલબ્ધ થઈ શકશે જ્યારે અન્ય શાખા નહેરો બંધ રાખવામાં આવશે, જેનાથી જે ગામ શહેરોને નર્મદાનું પાણી પહોંચતું બંધ થાય ત્યાં વૈકલ્પિક વ્યવસ્થા યુદ્ધના ધોરણે કરી પાણી પહોંચાડવા મુખ્ય મંત્રીશ્રીએ સૂચના આપી હતી. આ માટે અગાઉથી જ રાજ્ય સરકારે જે રૂ. ૨૦૯ કરોડના ૩૨ કામોને મંજૂરી આપેલી તે તમામ કામોની હાલની સ્થિતિની - પ્રગતિની મુખ્ય મંત્રીશ્રીએ સમીક્ષા કરી આ કામો ઝડપથી પૂર્ણ કરવા સૂચના પણ આપી હતી. રાજ્ય સરકારના આ આગોતરા આયોજનથી ૧૪૦૦થી વધુ ગામ અને ૨૩ જેટલાં શહેરોને વૈકલ્પિક આયોજન દ્વારા ઉનાળાના દિવસોમાં પણ પીવાનું પાણી ઉપલબ્ધ થશે. આ કામો થકી સૌરાષ્ટ્રનાં જે જળાશયોમાં પીવાના પાણીનો જથ્થો અનામત રાખવામાં આવે છે તે ઉપરાંત સાની, વર્તુ-૨, ઘી, ઓઝત-૨, બ્રામણી-૧, બ્રામણી -૨, ફોદાળા ડેમ અને કચ્છના ફતેહગઢ, ગોધતડ, મીઠ્ઠી, સુવાઈ જેવા ડેમમાંથી વધારાનો જથ્થો નર્મદાના વિકલ્પે પૂરો પાડવાનું આયોજન કરાયું છે.

આ સમીક્ષા બેઠકમાં કચ્છ જિલ્લાની જીવાદોરી સમાન ટપ્પર ડેમ તેમજ રાજકોટ જિલ્લાના આજી-૧ ડેમમાં જરૂરિયાત મુજબનો પાણીનો જથ્થો ભરવાના નિર્ણયની પણ મુખ્ય મંત્રીશ્રીએ સમીક્ષા કરી આ કામની પ્રગતિની પણ માહિતી મેળવી હતી. મુખ્ય મંત્રીશ્રીએ ઉપસ્થિત સૌ અધિકારીઓ અને દરેક જિલ્લાના કલેક્ટરશ્રીઓને દર અઠવાડિયે પીવાના પાણીની સ્થિતિની સમીક્ષા કરવાની પણ સૂચના આપી હતી.

મુખ્ય મંત્રીશ્રી રૂપાણીએ આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાના તથા દરિયાકાંઠાના અગરિયાઓને પાણીની મુશ્કેલી પડે નહીં તેના માટે વધુ ટેન્કર મારફતે પાણી પૂરું પાડવા માટેનું આયોજન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે જરૂર જણાય તેવા



## નર્મદા અંગે ગુજરાતની પ્રજાને સતત ગેરમાર્ગે દોરતા કોંગ્રેસના નેતાઓ સાચી હકીકત સમજે પછી નિવેદનો આપે - નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે કહ્યું હતું કે, કમનસીબે સરદાર સરોવરના સંગ્રહને ગુજરાત માટે ઉપલબ્ધ નર્મદાના પાણી સાથે જોડાવાનો પ્રયત્ન થઈ રહેલ છે. ગુજરાતને કેટલું પાણી મળે તે ફક્ત સરદાર સરોવર ડેમમાં કેટલો જથ્થો છે તેના ઉપર આધારિત નથી. પરંતુ સમગ્ર નર્મદા બેઝીનમાં કેટલું પાણી ઉપલબ્ધ થાય છે, તેના પર આધારિત છે. ચાલુ વર્ષે દરવાજા બેસાડવાના કારણે સરદાર સરોવર ડેમમાં સંગ્રહ વધેલ છે, પરંતુ ઓછા વરસાદના કારણે મધ્યપ્રદેશના વિવિધ બંધો જેવા કે, ઈન્દિરાસાગર, બારગી, તવા ડેમ અને અન્ય મધ્યમ કક્ષા બંધોના સંગ્રહમાં નોંધપાત્ર ઘટાડો થયેલ છે. સામાન્ય વર્ષમાં ૯ MAF ફાળવવામાં આવે છે. ગત વર્ષે ૯.૩૪ MAF ફાળવવામાં આવેલ હતું. સરદાર સરોવર ડેમ આખેઆખો છલોછલ ભરાય તો પણ લાઈવ સ્ટોરેજ ૪.૭૫ MAF થાય, એટલે કે આ ૯.૩૪ MAF વાપરવા માટે સરદાર સરોવરના પૂરેપૂરા લાઈવ સ્ટોરેજનું પાણી બે વખત વાપરવું પડે. એટલે કે, સ્પષ્ટ છે કે મધ્યપ્રદેશના સંગ્રહ કરેલ પાણીમાંથી આપણા હિસ્સાની કુલ ફાળવણીનો આધાર છે. મધ્યપ્રદેશના બંધો તથા સરદાર સરોવરમાં કુલ વર્ષે ચોમાસા પછીની પરિસ્થિતિ ગત સાલની સરખામણીએ નીચે મુજબ છે.

| ડેમનું નામ | સંગ્રહ ક્ષમતા (MCM) | ૧ નવેમ્બર ૨૦૧૬ના રોજ સંગ્રહ (MCM) | ૧ નવેમ્બર ૨૦૧૭ના રોજ સંગ્રહ (MCM) | વધ/ઘટ (MCM) |
|---|---|---|---|---|
| બાર્ગી | ૩૧૮૦ | ૩૦૪૫ | ૨૭૪૪ | -૩૦૧ |
| તવા | ૨૦૫૦ | ૧૯૦૬ | ૧૩૮૫ | -૫૨૧ |
| ઈન્દિરા સાગર | ૯૭૫૦ | ૯૫૦૦ | ૩૭૪૧ | -૫૭૫૯ |
| અન્ય | | | | |
| સરદાર સરોવર | ૫૮૬૦ | ૧૩૬૬ | ૨૮૯૯ | ૧૫૩૩ |

ઉપરોક્ત વિગતોમાંથી સ્પષ્ટ થાય છે કે, મધ્યપ્રદેશના વિવિધ ડેમના સંગ્રહમાં નોંધપાત્ર ઘટાડો થયેલ છે. જ્યારે સરદાર સરોવર બંધમાં દરવાજા લગાડવાથી વધારો થયેલ છે. તેમણે ઉમેર્યું હતું કે, સામાન્ય વર્ષમાં કુલ ૨૮ MAF ના વાર્ષિક જથ્થા સામે ગુજરાતની ફાળવણી ૯ MAF છે અને સરદાર સરોવર ડેમ પૂર્ણ ભરાય તો પણ તેનો જીવંત સંગ્રહ જે ૪.૭૫ MAF છે તે આ ૨૮ MAF ના માત્ર ૧૭ ટકા થાય છે. જ્યારે મધ્યપ્રદેશના મોટા મધ્યમ અને નાના બંધોનો સંગ્રહ તથા ચોમાસા સિવાયના સમયગાળામાં પ્રાપ્ત થતો જંગલોના ઝરણાનો પ્રવાહ ૮૩ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. આમ, સરદાર સરોવરમાં ઉપલબ્ધ પાણી ઉપરાંત આ ૮૩ ટકા હિસ્સામાં કેટલો વધારો / ઘટાડો થયેલ છે તે મહત્ત્વનું છે અને તેમાં નોંધપાત્ર ઘટાડો થવાથી સરદાર સરોવર બંધમાં દરવાજા લાગવાથી પાણી વધેલ હોવા છતાં સરવાળે પાણીની ઉપલબ્ધતામાં નોંધપાત્ર ઘટાડો થયેલ છે.

પાણીની ઉપલબ્ધતાની આકારણી અને ભાગીદારી રાજ્યો વચ્ચેની ફાળવણી તે રાજ્ય સરકાર નહિ પરંતુ ટ્રિબ્યુનલની જોગવાઈ મુજબ નર્મદા કંટ્રોલ ઓથોરીટી કરે છે અને તેઓએ સામાન્ય વર્ષમાં ધારેલ ૨૮ MAF ની ઉપલબ્ધિ સામે નવેમ્બર-૨૦૧૭માં ૧૬.૧૭ MAF આકારણી કરેલ અને જાન્યુઆરી-૨૦૧૮માં તેમાં પણ ઘટાડો કરી ૧૪.૬૬ MAF આકારેલ છે. ટ્રિબ્યુનલના ચુકાદા મુજબ નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા તમામ ભાગીદાર રાજ્યોને સપ્રમાણ ઘટ કરેલ છે, જેથી ગઈ સાલ અને આ સાલની ફાળવણી રાજ્યવાર નીચે મુજબ છે.

| રાજ્યનું નામ | ગત વર્ષની ફાળવણી | ચાલુ વર્ષની ફાળવણી નવેમ્બર-૨૦૧૭ મુજબ | ચાલુ વર્ષની ફાળવણી |
|---|---|---|---|
| મધ્યપ્રદેશ | ૧૮.૯૫ | ૧૦.૫૪ | ૯.૫૬ |
| ગુજરાત | ૯.૩૪ | ૫.૨૦ | ૪.૭૧ |
| રાજસ્થાન | ૦.૫૨૫ | ૦.૨૯ | ૦.૨૬ |
| મહારાષ્ટ્ર | ૦.૨૫૬ | ૦.૧૪ | ૦.૧૩ |
| કુલ | ૨૯.૧૮ | ૧૬.૧૭ | ૧૪.૬૬ |

અત્રે ઉલ્લેખનીય છે કે, વિરોધપક્ષના નેતાશ્રીએ ચોમાસા દરમિયાન પાણીના વપરાશ અને ચોમાસા બાદના મહિનાઓમાં વપરાશની જે ગણતરી કરેલ છે તે સરદાર સરોવર ડેમના સંગ્રહમાંથી કરેલ છે, જે ભૂલભરેલી છે. કારણ કે, પાણીનો વપરાશ તે ફક્ત સંગ્રહ પર આધારિત નથી. પરંતુ તે સમયમાં સરદાર સરોવરમાં પાણીની આવક ઉપર પણ આધારિત છે એટલે કે, વપરાશ એ જે તે સમયના સંગ્રહમાં ઘટાડો તથા તે સમયના પાણીની આવકનો સરવાળો છે નહિ કે ફક્ત ઉપલબ્ધ સંગ્રહમાંથી બાદબાકી. સરદાર સરોવર બંધની સંગ્રહક્ષમતાની વિગતો ઉપરથી આ વિવિધ રાજ્યો વચ્ચે પાણીની વહેંચણીની કાર્યપદ્ધતિ અંગે પૂરતી સમજ વગર પાણીની ઉપલબ્ધતા અંગે તારણ કાઢવાનો પ્રયાસ કરેલ છે, જે યોગ્ય નથી.

વિસ્તારોમાં નવા પાતાળકૂવા અને હેન્ડપંપ શારવાની પણ સૂચના આપી હતી. મુખ્ય મંત્રીશ્રીએ સૌરાષ્ટ્ર અને કચ્છની નગરપાલિકાઓ પીવાના પાણીનું દૈનિક રીતે સુચારુ વિતરણ કરી શકે તે માટે શહેરી વિકાસ વિભાગને લાંબા ગાળાના આયોજન માટે નિષ્ણાતોની સેવાઓ લઈ યોજના બનાવવા પણ સૂચના આપી હતી.

સમીક્ષા દરમ્યાન અધિકારીઓએ એવું જણાવ્યું હતું કે રાજ્યના દક્ષિણ તેમજ મધ્ય ગુજરાતના જિલ્લાઓ વલસાડ, ડાંગ, નવસારી, તાપી, સુરત, નર્મદા, છોટા ઉદેપુર, દાહોદ, મહિસાગર, પંચમહાલ, વડોદરા, ખેડા અને આણંદ જિલ્લામાં પીવાના પાણી માટે પૂરતા સ્રોત છે. આ જિલ્લાઓમાં જરૂર જણાય ત્યાં ટેન્કર મારફત પાણી આપવાનું પણ આયોજન કરાયું છે. આદિજાતિ વિસ્તારોમાં હેન્ડપંપની મરામત કરવા માટે પૂરતી સંખ્યાની રિપેરિંગ ટીમો ઉપલબ્ધ થાય તેવું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સાબરકાંઠા જિલ્લાનાં ૨૮૦ ગામો ફતેપુર અને ખેડ તળાવ આધારિત છે. નર્મદા મુખ્ય નહેરથી પાઈપલાઇન મારફત આ તળાવો પીવાના પાણી માટે ભરવાનો નિર્ણય કરાયો હોવાની માહિતી પણ અધિકારીશ્રીઓએ આપી હતી.

રાજ્ય સરકારે સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા રૂ. ૨૦૬ કરોડનું જે તાકીદનું આયોજન કર્યું છે તેમાં પ્રગતિ હેઠળનાં કામોમાં મુખ્યત્વે અમદાવાદ જિલ્લા માટે અંદાજે રૂ. ૨૨.૪૦ કરોડ, દેવભૂમિ દ્વારકા માટે અંદાજે રૂ. ૪૪.૫૦ કરોડ, કચ્છ માટે અંદાજે રૂ. ૪૧.૩૨ કરોડ, મોરબી માટે અંદાજે રૂ. ૨૦.૬૬ કરોડ, ભાવનગર માટે અંદાજે રૂ. ૨૬.૨૦ કરોડ, સુરેન્દ્રનગર માટે અંદાજે રૂ. ૧૭.૮૦ કરોડ, જુનાગઢ માટે અંદાજે રૂ. ૧૪.૨૦ કરોડ, રાજકોટ માટે અંદાજે રૂ. ૯.૫૦ કરોડ અને પાટણ-બનાસકાંઠા જિલ્લા માટે રૂ. ૭.૩૪ કરોડનાં કામોનો સમાવેશ થાય છે.

આ તમામ પ્રગતિ હેઠળનાં કામોની મુખ્ય મંત્રીશ્રીએ સમીક્ષા કરી હતી, જેમાં અમદાવાદ જિલ્લાના વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકાનાં ૧૨૬ ગામોને ઝીંઝુવાડા બ્રાંચ કેનાલના પ્રથમ પુલ ખાતે ઉપલબ્ધ પાણીનો ઉપયોગ કરવા અંદાજિત રૂ. ૧૬ કરોડના કામ, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયા અને કલ્યાણપુર તાલુકાનાં કુલ ૧૬ ગામ માટે રૂ. ૭.૬૯ કરોડની ઘી જળાશય મુખ્ય પાઈપલાઈનનાં કામો, ખંભાળિયા તાલુકાના ૮૦ અને લાલપુર તાલુકાનાં ૩૯ ગામો અને ત્રણ શહેર માટે પાંચદેવડા તળાવની મુખ્ય પાઈપલાઈના રૂ. ૧.૧૪ કરોડનાં કામો તેમજ કલ્યાણપુર અને ઓખામંડળનાં ૯૯ ગામ અને ત્રણ શહેર માટે સાની ડેમથી ૧૭ કિ.મી. લંબાઈની પાઈપલાઈન માટે રૂ. ૩૨.૪૦ કરોડનાં કામોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત જૂનાગઢ જિલ્લાના માણાવદર શહેર તથા માણાવદર તાલુકાના ગ્રામ્ય વિસ્તારો માટે બાંટવા ખર ડેમથી ૧૦ કિ.મી. લંબાઈની પાઈપલાઈનના અંદાજિત રૂ. ૨.૭૧ કરોડનાં કામો તથા ઓઝત - ૨ ડેમથી પાઈપલાઈન માટે રૂ. ૨.૪૦ કરોડનાં કામો કરાશે તથા પોરબંદર જિલ્લાના ગામો માટે ફોદરા ડેમની પાઈપલાઈનનું રૂ. ૧.૬૫ કરોડનુ કામ પણ હાથ ધરાશે.

રાજકોટ જિલ્લાના ભાદર - ૧ ડેમથી અમરનગર હેડવર્કસ સુધી ૧૪.૫૦ કિ.મી. લંબાઈની પાઈપલાઈન યોજનાના રૂ. ૯.૫૦ કરોડનાં કામોનો સમાવેશ થાય છે.

મોરબી અને સુરેન્દ્રનગર માટે બ્રાહ્મણી -૨ ડેમ આધારિત પાઈપલાઇન દ્વારા હળવદ અને મૂળી તાલુકાના કુલ ૭૯ ગામ અને ૧ શહેર માટે રૂ. ૨૦.૬૬ કરોડ જ્યારે નાયકા ડેમ આધારિત સુરેન્દ્રનગર જિલ્લાના ૨૩ ગામ માટે ૨ કિ.મી. લંબાઈની પાઈપલાઈનનું રૂ. ૧.૩૨ કરોડનું કામ અને લીંબડી શહેર અને ૧૪ ગામો માટે વડોદ ડેમ આધારિત પાઈપલાઈનના રૂ. ૧.૫૬ કરોડનાં કામ જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાનાં ૫૭ ગામો અને ધ્રાંગધ્રા શહેર માટે ૪.૨૫ કિ.મી. લંબાઈની પાઈપલાઈન માટે રૂ. ૮.૨૭ કરોડ તથા ધોળીધજા ડેમ ખાતે નવીન પંપીંગ મશીનરી માટે ૨.૩૫ કરોડ થકી સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા, ચોટીલા, થાનગઢ, મૂળી અને વાંકાનેર તાલુકાનાં કુલ ૩૨૪ ગામ અને બે શહેરને પાણી પુરવઠો આપી શકાશે.

કચ્છ જિલ્લાના ફતેગઢ ડેમથી ૨ કિ.મી. પાઈપલાઈન માટે રૂ. ૪.૧૭ કરોડનું કામ જેનાથી રાપર તાલુકાના ૫૭ ગામને લાભ મળશે જ્યારે ગોધાતળ ડેમ આધારિત પાઈપલાઇનના રૂ. ૨.૦૨ કરોડના કામથી ૨૧ ગામોને લાભ થશે આ જ રીતે અબડાસા તાલુકાના ૨૭ ગામો માટે મીઠ્ઠી ડેમથી ૨૩ કિ.મી. પાઈપલાઈનના કામ માટે રૂ. ૧૬.૭૪ કરોડ ખર્ચાશે જ્યારે સુવઈ ડેમ ખાતેની ૧૩.૩૨ કિ.મી. લંબાઈની પાઈપલાઈનની રૂ. ૭.૪૧ કરોડની યોજના અને કચ્છ જિલ્લાનાં ૮ ગામો માટે ગજનસર ડેમથી ૬.૫૦ કિ.મી. લંબાઈની પાઈપલાઈન રૂ. ૧.૪૮ કરોડના ખર્ચે નંખાશે. આ ઉપરાંત ભાવનગર જિલ્લામાં ૧૬૨ ગામ અને ૨ શહેરને પાણી પૂરું પાડવા માટે વલ્લભીપુર બુધેલ બલ્ક પાઈપલાઈન માટે રૂ. ૨૬.૧૮ કરોડનો ખર્ચ થશે.

●

## ગાંધીનગરમાં ૯૩૯ યુવાઓને રૂ. ૬ કરોડની સહાય વિતરણ કરતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી
## ઠાકોર-કોળી વિકાસ નિગમના ઉપક્રમે યોજાયો ગૌરવશાળી સમારોહ




# સમાજના વંચિત વર્ગોને વિશ્વ સાથે કદમ મિલાવવા પ્રગતિ-વિકાસ માટે રાજ્ય સરકારે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે - મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે ગુજરાતમાં પછાત, વંચિત, શોષિત, પીડિત હરેક સમાજવર્ગોની આર્થિક-સામાજિક ઉન્નતિ માટે સરકારે બજેટમાં ૩૬૪૧ કરોડ રૂપિયાની માતબર ફાળવણી કરી છે. ''સબ સમાજ કો લિયે સાથ મેં, આગે હૈ બઢતે જાના'' એ આ સરકારની નેમ છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં ગુજરાત ઠાકોર-કોળી વિકાસ નિગમના ઉપક્રમે યોજાયેલા સમારોહમાં ૯૩૯ લાભાર્થીઓને ૬ કરોડ રૂપિયાની વિવિધ સહાયનું વિતરણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ધર્મ-જાતિ-કોમવાદથી દૂર રહી રાષ્ટ્રવાદ-સમાજ ઉન્નતિના માર્ગે આ લોન-સહાય યુવા વર્ગો માટે નવી દિશા આપનારી બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, હવેનો સમય વિશ્વ સાથે કદમ મિલાવી પ્રગતિ વિકાસની તેજ રફતારનો છે ત્યારે, સમાજના વંચિત વર્ગોની યુવાશક્તિ પણ તેની સાથે બરોબરી કરી શકે તેવી સક્ષમ બનાવવા સરકારે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

તેમણે ઉમેર્યું કે, શિક્ષણ જ વિકાસનો આધાર છે તેથી સૌ સમાજ વર્ગોમાં શિક્ષણનો વ્યાપ વિસ્તારવા રાજ્ય સરકારે સમરસ છાત્રાલયો, તાલુકે-તાલુકે વિજ્ઞાનપ્રવાહ સહિતની શાળાઓ, તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસ સ્કોલરશીપ અને શિષ્યવૃત્તિ સહાય આપીને 'ચલો જલાયે દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ'નો ભાવ સેવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ સરકાર યુવાશકિતના કૌશલ્ય વિકાસથી-સ્કીલ ડેવલપમેન્ટથી રોજગાર અવસર આપવા પ્રતિબદ્ધ છે.

આ સંદર્ભમાં તેમણે આ વર્ષના બજેટમાં મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના તહેત રૂ. ૧૫૦૦થી ૩૦૦૦ આપવા હેતુ રૂ. ૨૭૨ કરોડની ફાળવણીની ભૂમિકા આપી હતી. આવા એક લાખ યુવાઓને સહાય અપાશે તેવી નેમ તેમણે દર્શાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ નાનાજી દેશમુખની પુણ્યતિથિએ યોજાઈ રહેલા આ સહાય વિતરણ કાર્યક્રમને યથોચિત ગણાવતાં ઉમેર્યું કે, નાનાજીનો ગ્રામોત્થાન-સ્વાવલંબનનો ભાવ આ સહાય વિતરણમાં અભિપ્રેત છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ એમ પણ જણાવ્યું કે, લોન-સહાયમાં પારદર્શિતા રાખી છે. દરેક લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં સીધાં જ નાણાં જમા થાય છે અને ભ્રષ્ટાચારમુક્ત વ્યવસ્થા સુનિશ્ચિત કરી છે.

સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે ગુજરાતમાં વંચિત વર્ગોના વિકાસ માટે રાજ્ય કેન્દ્ર સરકારના શ્રેણીબદ્ધ પગલાંઓની છણાવટ કરી હતી.


રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિરે પછાત વર્ગોના કલ્યાણ માટે સરકારની સંવેદનશીલતાનો પ્રતિઘોષ પ્રાસંગિક સંબોધનમાં વ્યક્ત કર્યો હતો.

શ્રમ-રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર, રાજ્યમંત્રીશ્રીઓ શ્રી ઈશ્વરસિંહ પટેલ, બચુભાઈ ખાબડ, પરસોત્તમ સોલંકી તેમજ ધારાસભ્યો, નિગમના ડિરેક્ટરશ્રીઓ, ગાંધીનગરના મેયરશ્રી પ્રવીણભાઈ પટેલ અને વિશાળ સંખ્યામાં લાભાર્થી પરિવારો આ વેળાએ ઉપસ્થિત હતા. નિગમના અધ્યક્ષ શ્રી નંદાજી ઠાકોરે સૌનું સ્વાગત કર્યું હતું.

•

**ગુજરાતનું અંદાજપત્ર પ્રજાલક્ષી - સર્વાંગી વિકાસનું અને સૌનો સાથ સૌના વિકાસના કર્મમંત્રને સાર્થક કરનારું**

# વિકાસ માટે આટલા મોટા પ્રમાણમાં વસતીના ધોરણે દેશભરમાં ગુજરાત સૌથી વધુ બજેટ જોગવાઈ કરે છે - નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ



રાજયના નાયબ મુખ્ય મંત્રીશ્રી અને નાણા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, ગુજરાતનું અંદાજપત્ર પ્રજાલક્ષી, સર્વાંગી વિકાસનું અને સૌનો સાથ - સૌના વિકાસના કર્મમંત્રને સાર્થક કરનારું છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, કોઈપણ રાજયના બજેટ કરતાં ગુજરાત રાજયના બજેટની પ્લાન સાઈઝ મોટી છે. વિકાસ માટે આટલા મોટા પ્રમાણમાં વસતીના ધોરણે દેશભરમાં ગુજરાત સૌથી વધુ બજેટ જોગવાઈ કરે છે.

રાજય વિધાનસભામાં અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચાના ચોથા અને છેલ્લા દિવસે જવાબ આપતાં નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ વખતની ચૂંટણીમાં અનેક અવરોધો, લોભામણાં વચનો અને જુઠ્ઠાણાં સામે ગુજરાતની પ્રજાએ ફરી એક વખત એટલે કે છઠ્ઠી વખત ભારતીય જનતા પક્ષને સત્તા સોંપી છે ત્યારે રાજય સરકારની ફરજ છે કે, પ્રજાએ મુકેલા વિશ્વાસને સાર્થક કરી બતાવે.

રાજય સરકારની તિજોરીમાં જે પૈસા છે તે પ્રજાની માલિકીના છે અને સરકાર તેની ટ્રસ્ટી છે એમ જણાવી નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું કે, પ્રજાનો વિશ્વાસ જાળવી રાખવો એ રાજય સરકારની ફરજ છે.

ગૃહમાં વિપક્ષની ટીકાનો જવાબ આપતાં શ્રી પટેલે એમ પણ જણાવ્યું હતું કે, મત માટે વર્ગ-વિગ્રહ નહીં વિકાસ માટે ગુજરાતની ચિંતા કરો. તેમણે ઉમેર્યું હતું કે, જો ૧૮૨ ધારાસભ્યો સરકારની પ્રજાલક્ષી સારી યોજના લોકો સુધી પહોંચાડે તો ગુજરાતનો વિકાસ નવી ઊંચાઈ હાંસલ કરશે.

રાજયનો વિકાસ એ કોઈ વ્યક્તિ કે પક્ષનો નહીં પરંતુ ગુજરાતનું ગૌરવ છે ત્યારે વિકાસની વાત હોય ત્યારે પક્ષાપક્ષીથી ઉપર ઊઠીને કામ કરવું જોઈએ એમ પણ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું.

અમે વચનો આપીને ભાગી જનારા નથી એવું સ્પષ્ટ જણાવતાં શ્રી પટેલે ઉમેર્યું હતું કે, ભારતીય જનતા પક્ષની સરકાર જે બોલે છે તે કરીને બતાવે છે. અમે જે પ્રજાકાર્યોનાં ખાતમુર્હૂત કરીએ છીએ તેનું લોકાર્પણ પણ અમે જ કરીએ છીએ. તેમણે વિપક્ષની ટીકાનો વળતો જવાબ આપ્યો હતો અને જણાવ્યું હતું કે, રચનાત્મક ટીકા હોય તો સરકાર માટે હંમેશા આવકાર્ય જ હોય તે સ્વાભાવિક છે પણ ટીકા ખાતર ટીકા હોય તો તેનું કોઈ મૂલ્ય હોતું નથી. તેમણે ખાતરી આપી હતી કે, ૧ લાખ ૮૩ હજાર ૬૬૬ કરોડની બજેટ જોગવાઈ મુજબનાં શકય તમામ વિકાસકામો એક વર્ષમાં હાથ ઉપર લઈ સમયમર્યાદામાં પૂર્ણ કરાશે. તેમણે કોઈપણ રાજય સરકારને કલ્પવૃક્ષ સાથે સરખાવી જણાવ્યું હતું કે, સરકાર પાસે સાચું માગો તો અવશ્ય મળે જ છે.

નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું કે, સૌનો સાથ સૌનો વિકાસ મંત્રને વરેલી અમારી ભાજપા સરકારે વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ ઉચ્ચ શિક્ષણ આપવા અનેકવિધ પ્રયાસો કર્યા છે. તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પી.ડી.પી.યુ. વૈશ્વિક કક્ષાની પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્થાપના તેમજ નેશનલ લો યુનિવર્સિટીની પણ સ્થાપના કરી છે, જેમાં પી. ડી. પી. યુ. ખાતે પેટ્રોલિયમ પેદાશોના વિવિધ અભ્યાસક્રમો શરૂ કરાયા છે. એ જ રીતે વિશ્વકક્ષાની તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાની વકીલાત વકીલો કરી શકે તે માટે લો યુનિવર્સિટી અનેરું યોગદાન આપી રહી છે.

તેમણે ઉમેર્યું કે, શિક્ષણ ક્ષેત્રે આ વર્ષના બજેટમાં ૨૭ હજાર કરોડથી વધુ જોગવાઈ કરી છે. સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓની સાથે સરકારી સંસ્થાઓનો પણ વ્યાપ વધાર્યો છે. ભૂતકાળની કોંગ્રેસની સરકાર દરમ્યાન ૧૫૦૦ તબીબી શિક્ષણની બેઠકો હતી તે આજે અમારી સરકારે ૪૦૦૦ બેઠકો કરી છે.

સાથે સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ તબીબી શિક્ષણમાં પણ ૨૧૦૦થી વધુ બેઠકો ઉપલબ્ધ બનાવી છે. એસ. સી., એસ.ટી. અને ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓને મદદરૂપ થવા ગણવેશ સહાય બમણી કરી છે તેમજ વિદ્યાર્થીઓને મફત સાયકલ સુવિધા પણ પૂરી પાડવામાં આવી રહી છે તેમજ તાલુકા અને ગ્રામ્યસ્તરે કુશળ કારીગરો તૈયાર થાય તે માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વિવિધ કૌશલ્યવર્ધન તાલીમો પણ આપવામાં આવી રહી છે, જેના કારણે અનેકગણી રોજગારી વધી છે.

નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું કે, અમારી સરકારે ગરીબ, મધ્યમ પરિવારોને ગંભીર રોગ સામે સારવારના ખર્ચમાં મદદરૂપ થવા મા વાત્સલ્ય યોજના અમલી કરી છે, જેનો વધુ ને વધુ લોકો લાભ લઈ શકે તે માટે તેની આવકમર્યાદા રૂા. ૨.૫ લાખ હતી તે વધારીને રૂા. ૩ લાખ કરી છે અને સારવારનો ખર્ચ રૂા. ૨ લાખ આપતા હતા તે વધારીને રૂા. ૩ લાખ કરવામાં આવ્યો છે. સાથે સાથે સિનીયર સિટીઝન કે જે આપણાં મા-બાપ છે તેઓને સહાયરૂપ થવા માટે ૬૦ વર્ષની ઉપરના સિનીયર સિટીઝનની આવક રૂા. ૬ લાખની વાર્ષિક આવક કરતાં ઓછી હોય તેમને કોઈપણ ગંભીર બીમારી થાય તો તેનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવી રહી છે તે જ દર્શાવે છે કે રાજ્ય સરકાર કેટલી સંવેદનશીલ છે.

નાયબ મુખ્ય મંત્રીશ્રીએ રોજગારી સંદર્ભના વિપક્ષના આક્ષેપોનો જવાબ આપતાં જણાવ્યું કે, આ સરકારે ખેડૂતો અને ઉદ્યોગોને મહત્ત્વ આપી રોજગારી વધારવાનું કામ કર્યું છે. તેમણે જણાવ્યું કે, અગાઉની સરકારોમાં માત્ર ટ્યુબવેલ કે કૂવા આધારિત પાણીની વ્યવસ્થા ખેડૂતો માટે હતી. પરંતુ આ સરકારે કેનાલોનું કામ ખૂબ પ્રમાણમાં કર્યું છે. પરિણામે રાજ્યનો ખેડૂત વર્ષમાં બે થી ત્રણ વાર પાક લઈ શકે છે. જેને લઈ કૃષિ ઉત્પાદન વધ્યું છે અને આવક પણ વધી છે.

નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાતની જીવાદોરી નર્મદા યોજનાનાં કામો પૂર્ણ થતાં આજે જે તે વિસ્તારની જમીનોના ભાવો વધ્યા છે. જેનાથી ખેડૂતો આર્થિક સધ્ધર થયા છે. નર્મદાના પાણીના વપરાશ અંગેના આક્ષેપને વખોડતાં કહ્યું કે, નર્મદાનું પાણી ફાળવવાનો નિર્ણય ૧૯૭૮માં કોંગ્રેસની સરકારે જ કર્યો હતો. અત્યારે ટ્રિબ્યુનલ તેમજ સુપ્રીમકોર્ટના આદેશ અનુસાર નર્મદાના પાણીનું વિતરણ થાય છે.

તેમણે ઉમેર્યું હતું કે, કિસાનોની આવક બમણી કરવાના રાજ્ય સરકારના નિર્ધારને પરિણામે આજે કૃષિ ઉત્પાદન બમણું થયું છે. માર્કેટયાર્ડો પણ અદ્યતન બન્યાં છે. ખેડૂતો ટપક સિંચાઈ પદ્ધતિનો વધુ ને વધુ ઉપયોગ કરીને પાણીની બચત કરે તે માટે અમારી સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ડ્રીપ ઈરીગેશન માટે આદિવાસી વિસ્તારોમાં ૮૦ ટકા તથા સામાન્ય લોકોને ૭૦ ટકા સબસીડી પણ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે તેમજ કિસાનોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પૂરો પાડવા માટે પણ અમારી સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગત વર્ષે ૧ લાખથી વધુ વીજ કનેક્શનો ખેડૂતોને પૂરાં પાડ્યાં છે અને આ વર્ષે ૧.૨૫ લાખથી વધુ વીજ કનેક્શનો પૂરાં પાડવાનો અમારો નિર્ધાર છે.

નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કહ્યું હતું કે, મને ગૃહમાં કહેતા દુઃખ થાય છે કે અગાઉની સરકારોએ પીવાના પાણીની અને સિંચાઈ માટે આદિજાતિના લોકો અને વિસ્તારને ભગવાન ભરોસે છોડી દીધા હતા. જયારે અમારી સરકારે વનબંધુ કલ્યાણ યોજના આપીને આ સમગ્ર વિસ્તારને પીવાનું અને સિંચાઈ માટેનું પાણી આપ્યું છે. રાજ્યના ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ગણવેશ અને વિદ્યાર્થીનીઓને સ્કૂલે જવા માટે વિનામૂલ્યે સાયકલ આપી છે. રાજ્યમાં થોડાક સમય પહેલાં રાજકીય હેતુસર વિવિધ જ્ઞાતિઓને અનામતના નામે અંદરોઅંદર લડાવીને રાજ્યમાં વર્ગવિગ્રહની સ્થિતિ ઊભી કરી હતી. અમારી સરકારે તમામ બિન અનામત વર્ગના યુવાનોને આર્થિક મદદ માટે આર્થિક અનામત નિગમની રચના કરીને રૂા. ૫૦૬ કરોડની ફાળવણી કરી છે, જેનો તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને લાભ અપાઈ રહ્યો છે તેમ પણ નાયબ મુખ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

અગાઉ ગુજરાતમાં પૂર્વ મુખ્ય મંત્રી શ્રી માધવસિંહ સોલંકી અને શ્રી ચીમનભાઈ પટેલની સરકારમાં સરકારી ભરતી ઉપર ૨૦ ટકા કાપ મૂકવામાં આવ્યો હતો, જેથી હજારો યુવાનો બેરોજગાર બન્યા હતા. જયારે અમારી સરકારે તબક્કાવાર તે સરકારી ભરતી પરનો પ્રતિબંધ હટાવી લીધો, જેના પરિણામરૂપે ગત વર્ષે ગુજરાતમાં ૮૦,૦૦૦ જેટલા તેજસ્વી યુવક-યુવતીઓની સરકારમાં ભરતી કરવા પ્રક્રિયા કરીને રોજગારી આપવા પ્રયાસો કર્યા છે. આ ઉપરાંત આગામી નાણાકીય વર્ષમાં વધુ ૩૦,૦૦૦ સરકારી જગ્યાઓ ઉપર ભરતી કરવામાં આવનાર છે. અમારી સરકારે સાચા અર્થમાં ખાનગી અને સરકારી બંને ક્ષેત્રોમાં યુવાનોને રોજગારી આપી છે તેમ વિધાનસભા ગૃહમાં બજેટની ચર્ચા પર જવાબ રજૂ કરતાં નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું.

●

**શ્રી કમલમ્ ખાતે પ્રદેશ ભાજપા કિસાન મોરચાની કારોબારી તેમજ આઈ.ટી. અને સોશિયલ મીડિયા વર્કશોપ યોજાયો**

# રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની કૃષિલક્ષી યોજનાઓનો મહત્તમ લાભ અને માહિતી ખેડૂતો સુધી પહોંચાડવાની વિશેષ જવાબદારી આપણા સૌની છે - શ્રી ભીખુભાઈ દલસાણિયા



ભાજપા કિસાન મોરચાના પ્રમુખ શ્રી બાબુભાઈ જેબલિયાની અધ્યક્ષતામાં 'શ્રી કમલમ્' ખાતે કિસાન મોરચાની પ્રદેશ કારોબારી બેઠક યોજાઈ. આ બેઠકની શરૂઆત પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા, શ્રી બાબુભાઈ જેબલિયા, કિસાન મોરચાના મહામંત્રી શ્રી ફળજીભાઈ ચૌધરી, શ્રી રમેશભાઈ મુંગરા તેમજ વર્કશોપ માટે ખાસ ઉપસ્થિત રાષ્ટ્રીય સોશિયલ તેમજ આઈ.ટી.સેલના ઈન્ચાર્જ શ્રી અનિરુદ્ધસિંહ તેમજ આચાર્યજી દ્વારા દીપ પ્રાગટ્યથી થઈ હતી.

આ કાર્યશાળામાં ઉપસ્થિત સમગ્ર ગુજરાતના જિલ્લા/મહાનગરોના ભાજપા કિસાન મોરચાના પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, પ્રદેશ કારોબારી સભ્યો તેમજ કિસાન મોરચા આઈ.ટી. અને સોશિયલ મીડિયાના પ્રભારીશ્રીઓને સંબોધતાં શ્રી ભીખુભાઈ દલસાણિયાએ જણાવ્યું હતુ કે, વિધાનસભાની ચૂંટણીઓ પછી પ્રથમ વખત યોજાઈ રહેલ આ કિસાન મોરચાની કારોબારી અને વર્કશોપનું આયોજન કરવા બદલ હું કિસાન મોરચાને અભિનંદન આપું છું. ગુજરાતમાં સતત છઠ્ઠી વખત ભાજપાનો વિજય એ ઐતિહાસિક ઘટના છે. લોકોની આપણી પાસે અપેક્ષાઓ વધી છે. આપણા મતોની ટકાવારી વધી છે, પ્રજાનો ભાજપામાં વિકાસ માટેનો વિશ્વાસ યથાવત્ રહ્યો છે. આપણો જનાધાર વધ્યો છે. લોકોની નારાજગી આપણી સામે હશે પરંતુ અપેક્ષા અને વિશ્વાસ પણ આપણી ઉપર જ છે.

વધુમાં તેમણે આંકડાકીય માહિતી આપતાં જણાવ્યું હતું કે, સિંચાઈપાત્ર જમીન ૭૫,૦૦૦ હેક્ટર વધી ૧,૨૭,૦૦૦ હેક્ટર પહોંચી છે. દૂધ ઉત્પાદનમાં વધારો થયો છે. કિસાન મોરચાના કારોબારી સભ્યોને તેમણે જણાવ્યું હતું કે, હવે ખાટલા બેઠકો શરૂ કરી કૃષિ ક્ષેત્રે થતી ઊપજ, પાણીની જરૂરિયાત, વીજળીની જરૂરિયાત, પાક વીમા, રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની યોજનાઓ તેમજ સહાય વિશે ખેડૂતો સાથે બેસી સકારાત્મક ચર્ચા કરી તેમની મુશ્કેલીઓ જાણીએ તેમજ આપણે ક્યાં ઉપયોગી થઈ શકીએ છીએ તે માટે તેમને મદદરૂપ થઈએ. રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની કૃષિલક્ષી યોજનાઓનો મહત્તમ લાભ અને માહિતી ખેડૂતો સુધી પહોંચાડવાની વિશેષ જવાબદારી આપણા સૌની છે.

**ભાજપાની કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા કટિબદ્ધ છે**
**- શ્રી રજનીભાઈ પટેલ**

આ બેઠકમાં ઉપસ્થિત રાષ્ટ્રીય કિસાન મોરચાના મહામંત્રી તેમજ પૂર્વ રાજ્યમંત્રીશ્રી રજનીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભાજપાની કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા કટિબદ્ધ છે ત્યારે આપણે સૌ સાથે મળી કિસાન મોરચાના માધ્યમથી કિસાનોને મદદ કરવાનો નિર્ણય કરીએ અને ખેડૂતોને યોગ્ય દિશામાં લાભ થાય તેવી તમામ માહિતી અને યોજનાઓ તેમના સુધી પહોંચાડીએ.

આ બેઠકમાં કિસાન મોરચાના પ્રમુખશ્રીના ખાસ આગ્રહથી ઉપસ્થિત રહી ટેકનોક્રેટ શ્રી અપૂર્વભાઈ શેઠે તમામ ખેડૂતોને અતિ ઉપયોગી એવી ખેતી વિષયક એપ્લીકેશનનું વીડીયો પ્રેઝન્ટેશન કરી આ એપ્લીકેશન કેવી રીતે રીયલ ટાઈમ ખેડૂતોને તેમના પાકવિષયક, ભાવવિષયક અને ઓજારો તેમજ જંતુનાશક દવાઓ વિષયક માહિતી પૂરી પાડે છે તે સમજાવ્યું હતું અને કિસાન મોરચાને આ એપ્લીકેશન દરેક ખેડૂત સુધી પહોંચાડવા અપીલ કરી હતી. આ એપ્લીકેશનમાં કોઈપણ જાતના ચાર્જ વગર ખેડૂતો પોતાનાં ઉપરોક્ત દર્શાવેલ ખેત ઉત્પાદનો, ઓજારો લે-વેચ કરી શકે છે તેમજ તેમની પોતાની ખેતઊપજ વેચાણ ભાવ જોઈ શકે છે.

**ભાજપા સરકારના કૃષિમેળાઓ અને કૃષિયાત્રાઓએ ગુજરાતના કૃષિવિકાસમાં અગત્યનો ફાળો આપ્યો છે**
**- શ્રી ભરત પંડ્યા**

આ બેઠકમાં પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડ્યાએ ઉપસ્થિત રહી

માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, જેમાં તેઓએ જણાવ્યું હતુ કે, માહિતીના આ યુગમાં ખેત ઉત્પાદનો અને પ્રગતિશીલ ખેડૂતો પાસેથી માર્ગદર્શન લઈ, સાચા આંકડાઓ અને માહિતી ગુજરાતભરના તમામ ખેડૂતો પાસેથી લઈ સંગઠન અને સરકારને આપણે ગ્રાઉન્ડની માહિતી પહોંચાડી કેટલી જરૂરિયાતો અથવા કેટલી પ્રગતિ છે તે બાબતથી સરકારને માહિતગાર કરીએ. કૃષિ ઉત્પાદનો ભાજપા શાસિત સરકારોમાં વધ્યા છે. મગફળીનો ટેકાનો ભાવ એ ભાજપા સરકારનો ઐતિહાસિક નિર્ણય છે. ખેડૂતોને નવા પ્રયોગો, ટેક્નોલોજી, પ્રગતિશીલ ખેડૂતના અનુભવોનું આદાન-પ્રદાન થાય તે માટે કિસાન મોરચાના સોશિયલ તેમજ આઈ.ટી. વિભાગને માધ્યમ બનાવો. ભાજપા સરકારના કૃષિમેળાઓ અને કૃષિયાત્રાઓએ ગુજરાતના કૃષિ વિકાસમાં અગત્યનો ફાળો આપ્યો છે. તેમજ શ્રી પંડ્યાએ સોશિયલ તેમજ વિવિધ મીડિયાના વધતા પ્રભાવ અને ટેક્નોલોજીના વધતા ઉપયોગની આંકડાકીય માહિતી રજૂ કરતાં જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા એ ઉમંગ છે, વ્યંગ છે, સંગ છે અને જંગ છે.

**આપણે સૌ સાથે મળીને ખેડૂતોને ઓર્ગેનિક ખેતીથી થતા ફાયદાઓ જણાવી આવનારી પેઢીને સુરક્ષિત કરીએ - શ્રી બાબુભાઈ જેબલિયા**

કિસાન મોરચાના પ્રમુખ શ્રી બાબુભાઈ જેબલિયાએ ઓર્ગેનિક ખેતી માટે ખાસ અપીલ કરતાં હાજર ડેલીગેટ્સને જણાવ્યું હતું કે, જો આપણે સમયસર નહીં જાગીએ તો, આપણા હાલ પણ પંજાબના ભટીંડા જેવા થશે કે જે સૌથી વધુ ઉત્પાદન કરતો જિલ્લો રાસાયણિક ખાતરોના બેફામ ઉપયોગના લીધે કેન્સરગ્રસ્ત અને જમીન બિન ઉપજાઉ બની ગઈ છે. ત્યાંની મહિલાઓ કેન્સરપીડિત છે. ભટીંડાથી શ્રી ગંગાનગર જતી ટ્રેનનું નામ 'કેન્સર ટ્રેન' પડી ગયું છે. તેમણે કહ્યું હતું કે, આપણે સૌ સાથે મળીને ખેડૂતોને ઓર્ગેનિક ખેતીથી થતા ફાયદાઓ જણાવી આવનારી પેઢીને સુરક્ષિત કરીએ. આ કારોબારીનું સંચાલન કિસાન મોરચાના મહામંત્રીશ્રી ફળજીભાઈ ચૌધરીએ કર્યું હતું તેમજ કારોબારીનું સમાપન શ્રી હિતેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.

આ બેઠકમાં રાષ્ટ્રીય કિસાન મોરચાના કારોબારી સભ્ય શ્રી નટુજી ઠાકોર, શ્રી કિશનસિંહ સોલંકી તથા શ્રી ગીરીશભાઈ જગાણિયા ઉપસ્થિત રહ્યા હતા.

●

## શ્રી કમલમ્ ખાતે પ્રદેશ ભાજપા યુવા મોરચાના પદાધિકારીઓની બેઠક યોજાઈ

### વ્યક્તિનો વ્યવહાર એ જ કાર્યકર્તાનો પરિચય છે. રાજનીતિને કરીયર તરીકે ન જોતાં મિશન તરીકે જોવું જોઈએ - શ્રી ભીખુભાઈ દલસાણિયા

ભાજપા યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલની અધ્યક્ષતામાં 'શ્રી કમલમ્' ખાતે યુવા મોરચાના પ્રદેશ પદાધિકારીઓની બેઠક યોજાઈ, જેમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા, પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ, પ્રદેશ મંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. બેઠકની શરૂઆતમાં ભાજપાના સંનિષ્ઠ કાર્યકર અને જૂનાગઢના પૂર્વ મેયર સ્વ.શ્રી જીતુભાઈ હિરપરા તથા ભાવનગર નજીક સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં મૃત્યુ પામેલ દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. બેઠકમાં તાજેતરમાં જ રાજ્યમાં યોજાયેલી જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં ભવ્ય રીતે વિજય મેળવનાર યુવા મોરચાના સૌ કાર્યકરોનું પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા, પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી. પટેલ તથા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ઋત્વિજભાઈ પટેલ દ્વારા ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

બેઠકની શરૂઆતમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાએ જણાવ્યું હતું કે, વ્યક્તિનો વ્યવહાર એ જ કાર્યકર્તાનો પરિચય છે તથા રાજનીતિમાં પુરુષાર્થ કરવો જરૂરી બની રહે છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, રાજનીતિને કરીયર તરીકે ન જોતાં મિશન તરીકે જોવું જોઈએ. કોંગ્રેસે સમાજમાં ફેલાવેલા જાતિવાદ તથા ભાષાવાદના ઝેરને દૂર કરી રાષ્ટ્રના વિકાસ માટે રાષ્ટ્રવાદને પૂર્ણપણે અપનાવવો જ રહ્યો.

પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલે પોતાના વક્તવ્યમાં નાગપુર ખાતે મળી રહેલ અખિલ ભારતીય પ્રતિનિધિ સભા વિશે સંક્ષિપ્તમાં માહિતી આપી હતી અને સાથે સાથે ગત વર્ષની કામગીરી વિશે યુવા મોરચાના કાર્યકર્તાઓને અવગત કર્યા હતા.

પ્રદેશ અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલે જણાવ્યું હતું કે, દરેક કાર્યકર્તાઓએ પોતાને સોંપેલી કામગીરી પૂરી નિષ્ઠા તથા જવાબદારીપૂર્વક નિભાવવી જોઈએ. તેમણે બેઠકના અંતમાં સૌ પ્રથમ વિજેતા થયેલ સૌ આગેવાનોને અભિનંદન આપ્યાં હતાં, ત્યારબાદ ગત મહિનાના કાર્યક્રમોનું આંકલન કર્યા બાદ આગામી કાર્યક્રમોના આયોજનની માહિતી આપી હતી.

### આગામી કાર્યક્રમો

- પ્રદેશ યુવા મોરચા દ્વારા મંડલશઃ ૧૨ માર્ચથી શરૂ થનાર બોર્ડની પરીક્ષાના ધોરણ-૧૦ તથા ૧૨ના વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ તથા મોં મીઠું કરાવી શુભેચ્છા આપવાના કાર્યક્રમો યોજાશે.
- ૨૩મી માર્ચ શહીદ દિન નિમિત્તે તમામ જિલ્લાશઃ શહીદોના પૂજન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનાં આયોજન કરવામાં આવશે, જેમાં નિવૃત્ત સેના અધિકારીઓ, શહીદોના પરિવારો તથા વિશેષ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવશે.



# ગુજરાતના પોલીસ તંત્રમાં એક જ વર્ષમાં ૧૭,૫૩૨ જગ્યાઓ ભરવામાં આવી - ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા

ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, ગુજરાતના પોલીસ તંત્રમાં એક જ વર્ષમાં ૧૭,૫૩૨ જગ્યાઓ ભરવામાં આવી છે અને આ વર્ષના બજેટમાં ૫,૬૩૫ નવી જગ્યાઓ ભરવામાં આવનાર છે તેની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યના પી.એસ.આઈ. અને એ.એસ.આઈ.ની ભરતી સંદર્ભે વિધાનસભામાં પ્રશ્નના ઉત્તરમાં ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં પોલીસ દળમાં ૩૪૪ પો.સ.ઈ. અને. ૨૦૦ એ.એસ.આઈ.ની ભરતી કરવામાં આવી છે. ગુજરાતના પોલીસ તંત્રને આધુનિક ટેક્નોલોજી સાથે જોડી વધુ કાર્યક્ષમ બનાવવામાં આવ્યું છે. રક્ષાશક્તિ યુનિવર્સિટીની સ્થાપના આ સરકારે કરી સ્કીલ ધરાવતા ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે. તદ્ઉપરાંત ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના માધ્યમથી તમામ ગુનાઓ સમયસર ઉકેલવામાં સફળતા મળી છે અને ઈઝરાયલ જેવા દેશો ગુનો શોધવા માટે જે ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે તે જ ટેક્નોલોજી ગુજરાતનું પોલીસ તંત્ર કરી રહ્યું છે.

ગુજરાતના પોલીસ તંત્રમાં ભરતીની વધુ વિગતો આપતાં ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મોડ-૧માં ૫૦ ટકા સીધી ભરતીથી, મોડ-૨માં ૩૦ ટકા ભરતી પોલીસ વિભાગ દ્વારા, જ્યારે ૨૦ ટકા ભરતી એ.એસ.આઈ.માં પાંચ વર્ષના અનુભવી પોલીસ કર્મચારીને બઢતીની પરીક્ષા દ્વારા ભરતી કરાય છે.

ગુજરાતના પોલીસ તંત્રમાં મહિલાઓની ભરતી સંદર્ભે ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, મહિલા સશક્તિકરણની શરૂઆત આ સરકારે કરી છે અને ૩૩ ટકા જગ્યાઓ મહિલાઓની હોય છે. ત્યારે ભરતી થયેલ સર્વગમાં પી.એસ.આઈ., એ.એસ.આઈ. અને બિનહથિયારધારીમાં ૪૦૫ ભરતીમાંથી ૧૩૯ મહિલાઓની ભરતી કરાઈ છે.

ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, પોલીસ તંત્રમાં ખોટા પ્રમાણપત્રથી મૂળ અરજદાર હક્કથી વંચિત ન રહી જાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી છે અને ભરતી નિયમો અનુસાર આરક્ષિત જગ્યાઓને ભરવામાં આવી રહી છે. ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ પોલીસ તંત્રમાં ભરતી સમયે તકેદારીનાં પગલાંઓની જાણકારી આપતાં જણાવ્યું કે, બાયોમેટ્રિક ઓ.એમ.આર. સિસ્ટમથી પરીક્ષા લેવાય છે તેમજ સી.સી.ટી.વી. કેમેરાથી પણ તકેદારી લેવાય છે. સાથોસાથ પી.એસ.આઈ. અને એ.એસ.આઈ. માટેના શારિરિક અને શૈક્ષણિક માપદંડોનું ચુસ્તપણે પાલન કરવામાં આવી રહ્યું છે.

●



## રોજગારીનો વ્યાપ વધારવા વાયબ્રન્ટ સમિટ આશીર્વાદરૂપ

મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના યુવાનોને ઘરઆંગણે જ રોજગારી મળી રહે તે માટે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટનું દર બે વર્ષે આયોજન થાય છે તે સમીટો આશીર્વાદરૂપ બની રહે છે. વાયબ્રન્ટ સમીટ-૨૦૧૫માં વિવિધ ૨૬ ક્ષેત્રોમાં ૧૭,૦૮૧ એમ.ઓ.યુ. થયા હતા તે પૈકી ૧૧,૯૯૯ પ્રોજેક્ટો કાર્યાન્વિત થઈ ગયા છે અને ઉત્પાદન પણ શરૂ થઈ ગયું છે.

વિધાનસભા ખાતે વાયબ્રન્ટ સમીટ-૨૦૧૫માં જાપાન, કેનેડા, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલિયા, સીંગાપોર, નેધરલેન્ડ, સાઉથ આફ્રિકા મળી કુલ આઠ કન્ટ્રી પાર્ટનર હતા, જેમાં ૧૧૦ દેશોના ૨,૫૦૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ સમીટમાં ૧૪ કન્ટ્રી સેમીનાર અને ૧૦ થીમ સેમીનારનું પણ આયોજન કરાયું હતું. ૫૫૨ પ્રોજેક્ટ પ્રાથમિક સ્વરૂપે છે.

મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે ઉમેર્યું કે, વાયબ્રન્ટ સમીટ-૨૦૧૫માં અગ્રણી કંપનીઓના સી.ઈ.ઓ. માટે યોજાયેલ સી.ઈ.ઓ. કોનકલેવમાં ટોચના ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહી બી ટુ બી મીટિંગ રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરીને રાજ્ય સરકારે તકો પૂરી પાડી છે. વાયબ્રન્ટનો મૂળ ઉદ્દેશ રાજ્યમાં મૂડીરોકાણ થકી રોજગારી પેદા કરવાનો છે, જેના થકી યુવાનોને રોજગારી આપવામાં આવી રહી છે.





## ભાજપ સરકારના આગવા સમાચાર

# સામાજિક ન્યાય અને અધિકારિતા માટે બજેટમાં થયેલી જોગવાઈમાં ૧૨.૧૦ ટકા વૃદ્ધિ

વર્ષ ૨૦૧૮-૧૯ માટે કેન્દ્રીય બજેટમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય માટેની બજેટની જોગવાઈમાં ૧૨.૧૦ ટકાની વૃદ્ધિ કરવામાં આવી છે. મંત્રાલયને માટે વર્ષે ૨૦૧૭-૧૮માં ૬૯૦૮.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી, જ્યારે વર્ષ ૨૦૧૮-૧૯ માટે આ રકમ વધારીને ૭૭.૫૦ કરોડ રૂપિયા કરવામાં આવી છે. આ સાથે જ વર્ષ ૨૦૧૭-૧૮ની તુલનામાં વર્ષ ૨૦૧૮-૧૯માં યોજનાઓ માટે બજેટ ફાળવણીમાં ૧૧.૫૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮ની તુલનામાં વર્ષ ૨૦૧૮-૧૯માં અન્ય પછાત વર્ગના લોકોના કલ્યાણ માટે બજેટ ફાળવણીમાં ૪૧.૦૩ ટકાની વૃદ્ધિ કરવામાં આવી છે.

અનુસૂચિતજાતિ માટેની વેન્ચર કેપિટલ નિધિ જેવી જ એક નવી યોજના વેન્ચર કેપિટલ નિધિ અન્ય પછાત વર્ગો માટે શરૂ કરવામાં આવશે. આના માટે શરૂઆતના તબક્કામાં ૨૦૦ કરોડ રૂપિયાની નિધિ યોજના બનાવવામાં આવી છે. વર્ષ ૨૦૧૮-૧૯માં આના માટે ૧૪૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. હાથથી મેલું ઉપાડનારા ૧૩૫૮૭ વ્યક્તિઓ અને તેમના પર નિર્ભર વ્યક્તિઓને કૌશલ્ય વિકાસ પ્રશિક્ષણ આપવામાં આવશે. હાથથી મેલું ઉપાડનારા ૮૦૯ વ્યક્તિઓ તથા તેમની ઉપર નિર્ભર વ્યક્તિઓને બેંક દ્વારા ધિરાણ આપવામાં આવશે.

પહેલીવાર નશાથી પીડાતી વ્યક્તિઓની ઓળખ માટે રાષ્ટ્રીય સર્વેક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ સર્વેક્ષણ ૧૮૫ જિલ્લાઓ, ૧.૫ લાખ ઘરો અને ૬ લાખ વ્યક્તિઓ પર કરવામાં આવશે. આ સર્વેક્ષણની શરૂઆત થઈ ચૂકી છે અને તે માર્ચ-એપ્રિલ, ૨૦૧૮ સુધીમાં પૂરું થવાની સંભાવના છે. પહેલી વખત નશાથી પીડિત વ્યક્તિઓના પુનર્વાસ માટે ૨૦૦ કરોડ રૂપિયા પ્રદાન કરવામાં આવશે. દેશભરમાં ૧૫ જિલ્લાઓમાં વિશેષ ગંભીર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. નશાથી પીડિત વ્યક્તિઓના પુનર્વાસની યોજના અંતર્ગત વિભાગ દ્વારા બધાં કેન્દ્રોમાં સ્વાસ્થ્ય સુવિધા પૂરી પાડવામાં આવશે. નશો છોડાવનારાં કેન્દ્રોનું નામ બદલીને ઉપચાર ચિકિત્સાલય રાખવામાં આવશે. આ પ્રકારનાં ઉપચાર ચિકિત્સાલયો રાજ્યોની મુખ્ય જેલો, બાલસુધાર ગૃહો અને મુખ્ય સરકારી ઈસ્પિતાલોમાં સ્થાપવામાં આવશે.

અન્ય પછાત વર્ગો માટે મેટ્રિક પૂર્વેની શિષ્યવૃત્તિ માટે આવકમર્યાદા ૪૪,૫૦૦ રૂપિયાથી વધારીને ૨.૫ લાખ પ્રતિવર્ષ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિ માટે મેટ્રિક પૂર્વેની શિષ્યવૃત્તિ માટે આવકમર્યાદા ૨ લાખ રૂપિયાથી વધારીને ૨.૫ લાખ પ્રતિવર્ષ કરવામાં આવી છે. આવાસી વિદ્યાર્થીઓ માટે મળતી શિષ્યવૃત્તિ ૧૫૦ રૂપિયાથી વધારીને ૨૨૫ રૂપિયા અને છાત્રાલયમાં રહેનારા વિદ્યાર્થીઓ માટે ૩૫૦ રૂપિયાથી વધારીને ૫૨૫ રૂપિયા કરવામાં આવી છે. અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગો માટે નિઃશુલ્ક ટ્યૂશન માટે આવકમર્યાદા ૪.૫ લાખથી વધારીને ૬ લાખ રૂપિયા કરવામાં આવી છે. સ્થાનિક વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ ૧૫૦૦ રૂપિયાથી વધારીને ૨૫૦૦ રૂપિયા અને બીજાં શહેરોમાંથી આવેલા વિદ્યાર્થીઓ માટે ૩૦૦૦ રૂપિયાથી વધારીને ૬૦૦૦ રૂપિયા કરવામાં આવી છે.

અન્ય પછાત વર્ગો માટે મેટ્રિક પૂર્વેની શિષ્યવૃત્તિમાં પણ વધારો કરવામાં આવ્યો છે. ધોરણ ૧ થી ૫, ધોરણ ૬ થી ૮ અને ૯ થી ૧૦ માટે આવાસી વિદ્યાર્થીઓને ૧૦ મહિના સુધી ક્રમશ ૨૫, ૪૦ અને ૫૦ રૂપિયા આપવામાં આવતા હતા. હવે ધોરણ ૧ થી ૧૦ માટે તે વધારીને દર મહિને ૧૦૦ રૂપિયા પ્રતિમાસ કરવામાં આવ્યા છે. પહેલાં ધોરણ ૩ થી ૮ અને ૯ થી ૧૦ના છાત્રાલયમાં રહેનારા વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિને ક્રમશઃ ૨૦૦ અને ૨૫૦થી વધારીને ૫૦૦ રૂપિયા પ્રતિમાસ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત બધા વિદ્યાર્થીઓને વર્ષમાં એક વાર ૫૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. અનુસૂચિત જાતિ માટે રાષ્ટ્રીય અધ્યેતાવૃત્તિ અંતર્ગત દરેક છાત્રને અપાતી સહાયની રકમ ૨૫,૦૦૦થી વધારીને ૨૮,૦૦૦ કરવામાં આવી છે.

## વ્યવસાયિક કોલસાની ખાણમાં ખોદકામમાં ખાનગી ક્ષેત્રનો પ્રવેશ

### ૧૯૭૩માં કોલસાની ખાણમાં ખોદકામના રાષ્ટ્રીયકરણ પછી સૌથી વધુ મહત્ત્વાકાંક્ષી સુધારો

શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળની આર્થિક બાબતોની સમિતિએ ૨૦મી ફેબ્રુઆરીએ કોલસાની ખાણ (વિશેષ ઉપબંધ) અધિનિયમ, ૨૦૧૫ અને ખાણ અને ખનીજ (વિકાસ તથા નિયમન) અધિનિયમ ૧૯૫૭ અંતર્ગત કોલસાના વેચાણ માટે ખાણ-બ્લોકની હરાજી પદ્ધતિને મંજૂરી આપી દીધી છે. વ્યાવસાયિક કોલસાને ખોદી કાઢવાનો ખાનગી ક્ષેત્ર માટે માર્ગ ખુલ્લો કરવો એ ૧૯૭૩માં આ ક્ષેત્રમાં થયેલો રાષ્ટ્રીયકરણ બાદ કોલસા ક્ષેત્ર માટે સહુથી વધુ મહત્ત્વાકાંક્ષી સુધારો છે.

સુપ્રીમ કોર્ટે તા. ૨૪-૯-૨૦૧૪ના રોજ પોતાના હુકમ અનુસાર કોલસાની ખાણ અધિનિયમ ૧૯૭૩ અંતર્ગત ૧૯૯૩થી વિભિન્ન સરકારી અને ખાનગી કંપનીઓને આપવામાં આવેલા કોલસાની ખાણો અને બ્લોકોની ફાળવણી રદ કરી દીધી હતી. પારદર્શિતા લાવવા તથા જવાબદારી સુનિશ્ચિત કરવા માટે સંસદ દ્વારા ૩૦-૩-૨૦૧૫ના રોજ કોલસા ખાણ વિશેષ ઉપબંધ વિધેયક ૨૦૧૫ને અધિસૂચિત કરવામાં આવ્યું હતું. આ અધિનિયમમાં કોલસાનું વેચાણ તથા હરારજીની પ્રક્રિયા માટે આવશ્યક પ્રક્રિયા કરવામાં આવી છે.

આ પ્રક્રિયા પારદર્શિતા લાવવાને તથા કારોબારીની સુગમતાને અગ્રિમ પ્રાથમિકતા આપે છે, સાથે સાથે એ નિશ્ચિત કરે છે કે પ્રાકૃતિક સંસાધનોનો ઉપયોગ રાષ્ટ્રીય વિકાસ માટે થાય. હરારજીની પ્રક્રિયા નીચેથી ઉપરના ક્રમમાં થશે, જેમાં બોલીના રૂપિયા અને ટનનું મૂલ્ય પ્રસ્તાવના રૂપમાં હશે, જેની ચુકવણી કોલસાના વાસ્તવિક ઉત્પાદનના આધારે રાજ્ય સરકારને કરવામાં આવશે. કોલસાની ખાણોમાંથી કાઢવામાં આવેલા કોલસાના વેચાણ અને ઉપયોગ પર કોઈ પ્રતિબંધ નહીં હોય. આ સુધારાના એકાધિકારથી પ્રતિસ્પર્ધાના યુગમાં કોલસાના ક્ષેત્રે દક્ષતા આવવાની ઉમેદ છે. આનાથી કોલસાના ક્ષેત્રે હરીફાઈ વધશે અને દરેક સંભવિત ઉદ્યોગો માટેનો રસ્તો ખુલ્લો થશે. વધુ નિકાસ થવાથી કોલસાક્ષેત્રે, વિશેષ કરીને ખોદકામ ક્ષેત્રમાં પ્રત્યક્ષ તથા અપ્રત્યક્ષ રોજગાર પેદા થશે, જેનાથી આ ક્ષેત્રમાં આર્થિક વિકાસ પર અસર પડશે. આનાથી ઊર્જા પણ નિશ્ચિત રૂપથી મળશે, કેમ કે ભારતમાં ૭૦ ટકા વીજળીનું ઉત્પાદન વિદ્યુત સંયંત્રોમાં થાય છે. આ સુધારાથી કોલસાનો જથ્થો સુનિશ્ચિત કરવાની સાથે સાથે કોલસાની ફાળવણીની જવાબદારી પણ નક્કી થશે, તથા વાજબી ભાવે કોલસાની ઉપલબ્ધતા થશે, જેનાથી ઉપભોક્તાઓને સસ્તી વીજળી મળશે. કોલસાના વેચાણ માટે કોલસાની ખાણોની હરારજીથી પ્રાપ્ત થનારી પૂરી રકમ કોલસાવાળાં રાજ્યોને મળશે. આ રીતે તેમને વધુ રકમ પ્રાપ્ત થશે, જેનો ઉપયોગ તેઓ અવિકસિત ક્ષેત્રો અને ત્યાંના લોકો તથા જનજાતિઓના વિકાસ માટે કરશે. દેશનાં પૂર્વ તરફનાં રાજ્યોને આનાથી વધુ લાભ મળશે.


**માલિકી અને અન્ય વિભાગોનું વિવરણ ફોર્મ-૪ (જુઓ નિયમ-૮) વૃત્તપત્ર કાયદા પ્રમાણે ‘મનોગત’ પાક્ષિક સંબંધી હકીકત**

(૧) પ્રકાશક : ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

(૨) પ્રકાશનની મુદત : પાક્ષિક

(૩) મુદ્રક - પ્રકાશક : ભારતીય જનતા પાર્ટી - ગુજરાત પ્રદેશ વતી શ્રી સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

(૪) તંત્રી : શ્રી સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : શ્રીલેખા ભવન, પાલડી ગામ, અમદાવાદ-૩૮૦ ૦૦૭

હું સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ આથી જાહેર કરું છું કે ઉપર દર્શાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

(સહી) સુરેન્દ્રભાઈ એમ. પટેલ
(મુદ્રક-પ્રકાશક)



## રાજય સરકાર દ્વારા ગીર અભયારણ્યના વિકાસમાં રૂા. ૧૫ કરોડના નવા પ્રકલ્પોની કરાયેલી જાહેરાત - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રીશ્રીએ ''જીઓ ઓર જીને દો''ના ભારતીય સંસ્કૃતિના સનાતન સૂત્રને સાર્થક કરવા રાજયમાં ચાલતા કરૂણા અભિયાનની ફલશ્રુતિની માહિતી આપી હતી. ગીરમાં સિંહોના સંવર્ધન માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૭ માં રૂા. ૪૦ કરોડના પેકેજથી શરૂઆત કરી હતી. રાજય સરકારે એ જ દિશામાં આગળ વધી પ્રોજેક્ટ લાયન માટે પૂરતા ફંડની ફાળવણી કરી છે. મુખ્યમંત્રીશ્રીએ પર્યાવરણ અને પ્રવાસનનો સંતુલિત વિકાસ કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.

રાજય સરકારની સિંહ સંવર્ધન, જતન અને સંરક્ષણની નીતિ અને લોક સહયોગને લીધે આજે સિંહોની વસ્તી ૬૦૦ આસપાસ પહોંચી છે તેમ જણાવી સિંહ રેસ્કયુ ઓપરેશનમાં મહિલા વન કર્મચારીઓના ફાળાને બિરદાવ્યો હતો. સાસણ આજે વિશ્વના પ્રવાસન નકશામાં સ્થાન પામ્યું છે તેમ જણાવી ઈકો ટૂરિઝમ પોલિસીની માહિતી આપી હતી.

રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કેન્દ્રના વન અને પર્યાવરણ મંત્રીશ્રી ડૉ. હર્ષવર્ધનની ઉપસ્થિતિમાં મંગલ દીપ પ્રગટાવીને સેમિનારને ખુલ્લો મૂકયો હતો.

## 'સિંહપ્રેમી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્રને સાકાર કરવા ગ્રીન સૈનિક બનીએ' - કેન્દ્રીય વન મંત્રી ડો. હર્ષવર્ધન



કેન્દ્રના વન અને પર્યાવરણ મંત્રી શ્રી ડૉ. હર્ષવર્ધને સેમીનારના અધ્યક્ષ સ્થાનેથી વિશ્વ વાઈલ્ડ લાઈફ ડેની ઉજવણી નિમિત્તે સિંહપ્રેમી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૨૨માં ''નયા ભારત''ના સ્વપ્રને સાકાર કરવા દેશના નાગરિકોને ગ્રીન સૈનિકો બનવા આહવાન કર્યું હતું.

મંત્રી શ્રી ડૉ. હર્ષવર્ધને કેન્દ્રીય વન વિભાગની એપ્લિકેશન ''હર્ષવર્ધન'' નો ઉલ્લેખ કરીને કહ્યું કે આ એપથી લોકો એક પણ પૈસાનો ખર્ચ કર્યા વગર વન પર્યાવરણ જાગૃતિ અંગેના ૫૦૦થી વધુ કામ કરી શકે છે. વન પર્યાવરણ પ્રેમીઓને ''ગ્રીન ગુડ ડીડ''નો અનુરોધ કરતા ડો. હર્ષવર્ધને વધુમાં કહ્યું કે વાઈલ્ડ લાઈફ પ્રોટેકશનનું સાયન્સ અને ટેકનોલોજી સાથે જોડાણ કરી લુપ્ત થતી જતી પ્રજાતિઓના સંવર્ધન માટે ઝૂઓલોજી સર્વેલન્સ ઓફ ઈન્ડિયાની પણ સહભાગિતા વધારાશે. ડૉ. હર્ષવર્ધને ગીરમાં સિંહ અને લોકો વચ્ચેના અસાધારણ અનુકૂલનને બિરદાવ્યું હતું.

ગ્રીન સ્કીલ મિશનમાં ગુજરાત સરકારના ફાળાને વધારતાં કેન્દ્રીય મંત્રીશ્રીએ ગીરમાં સિંહનો વધતો જતો વિસ્તાર સિંહ સંવર્ધનમાં સ્થાનિક માલધારીઓના સહયોગ, રાજય સરકારના પ્રોજેકટ લાયનને આવકાર્યો હતો.

મંત્રીશ્રીએ પર્યાવરણ અને પ્રકૃતિની જાળવણીમાં ભારત વિશ્વગુરુ બનવા જઈ રહ્યું છે તેમ જણાવી ઉમેર્યું હતું કે આગામી તા. ૫ મી જુન ૨૦૧૮ના રોજ યુનાઈટેડ નેશન્સ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતમાં ભારતમાં કરાશે. મંત્રીશ્રીએ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવા પણ અનુરોધ કર્યો હતો. વન મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ગીર અભયારણ્યના વિકાસમાં રૂા.૧૫ કરોડના નવા પ્રકલ્પોની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ગીરમાં છેલ્લાં દસ વર્ષમાં સિંહની વસ્તીમાં ૪૬ ટકાનો વધારો થયો છે. ગીર અને સૌરાષ્ટ્રના વધેલા વનવિસ્તારમાં આજે ૫૨૩ થી વધુ સિંહની ગર્જના સંભળાય છે, તે અંગે તેમણે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

## કાશ્મીર સમસ્યા ઉકેલવા સેના અને ભાજપા સરકાર સઘન પ્રયાસો કરી રહી છે ત્યારે સાથે સાથે સ્થાનિક પ્રજાનો સાથ જરૂરી બની રહે છે

# બૂઝતો દીપક અંત સમયે વધુ પ્રકાશ આપે છે તેવી રીતે જ હાલમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદનું માથું કાશ્મીરમાં ભમે છે, પરંતુ તેનો શિરચ્છેદ નક્કી છે - જરૂર સૌના સાથ-સહકારની છે

**અત્યારે કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે એ વાતનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના છ દસકા વીતી ગયા છતાં કાશ્મીરમાં અલગતાવાદ અને આતંકવાદ ફાલ્યો-ફૂલ્યો છે શા માટે ? કાશ્મીરી પંડિતો અને કાશ્મીરી હિન્દુ પરિવારોની કાશ્મીરમાંથી હિઝરત શા માટે ? સેંકડો હિન્દુ મંદિરોનો સર્વનાશ શા માટે ? લગભગ દરરોજ ગોળીબારો અને તેમાં સૈનિકો, પોલીસો અને નિર્દોષ નાગરિકોની શહીદી શા માટે ? ભારતીય રાષ્ટ્રધ્વજનું અપમાન શા માટે ? કાશ્મીરને વિશિષ્ટાધિકારો શા માટે ? કાશ્મીરને પોતાનું અલગ બંધારણ શા માટે ?**

**આ અને આવા જ અનેક પ્રશ્નો, સમસ્યાઓ અને અનેક વિટંબણાઓનું સર્જન સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના ચાર દસકના કોંગ્રેસ શાસનમાં થયું છે. મુસ્લિમ તુષ્ટીકરણની ગંદી રાજનીતિને કારણે જ આજે કાશ્મીર સમસ્યા યથાવત્ રહી છે. કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકારે કાશ્મીર સમસ્યા ઉકેલવા સઘન પ્રયાસો હાથ પર લીધા છે. બૂઝતો દીપક અંત સમયે વધુ પ્રકાશ આપે છે તેવી રીતે જ હાલમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદનું કાશ્મીરમાં માથું ભમે છે, પરંતુ તેનો શિરચ્છેદ નક્કી છે. જરૂર સૌના સાથ-સહકારની છે.**

### કાશ્મીર આજનું નહીં, પાંચ દસકથી ભડકે બળે છે

હાલમાં કાશ્મીરમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓએ ભારતીય સૈન્ય અને પોલીસો પરના હુમલાઓનું પ્રમાણ વધારી દીધું છે. ભારતીય સૈન્ય પણ આતંકવાદીઓનો ખાત્મો બોલાવી રહ્યું છે. અત્યારે ટી.વી. અને મોબાઈલના યુગમાં આ વાત ઘર ઘર સુધી પહોંચી શકે છે પરંતુ આજના કરતાં ભયાનક આતંકવાદી પ્રવૃત્તિ અને આતંકવાદી હુમલાઓ ભૂતકાળમાં વર્ષોથી કાશ્મીરમાં થતા આવ્યા છે તેની ખૂબ ઓછા લોકોને ખબર છે. નવી પેઢી તો તેનાથી સાવ અજાણ છે. થોડી આંકડાકીય માહિતી પર નજર કરીશું તો પણ ચોંકી જવાશે.

જવાહરલાલ નહેરુના પ્રિય એવા કાશ્મીરના મુખ્યમંત્રી શેખ અબ્દુલ્લાનું ૧૯૮૨માં મૃત્યુ થયું. ત્યારબાદ ઈન્દિરા ગાંધીએ શેખ અબ્દુલ્લાના પુત્ર ફારૂખ અબ્દુલાને કાશ્મીરની ધુરા સોંપી. ફારૂખે શાસન સંભાળ્યા બાદ કાશ્મીર ઘાટીમાં આતંકવાદી ઘટનાઓએ માઝા મૂકી. બોમ્બધડાકાઓએ કાશ્મીર ઘાટીને હચમચાવી મૂકી. હજારો લોકોએ જાન ગુમાવી. ૧૯૮૨માં ૨, ૧૯૮૩માં ૧૫, ૧૯૮૪માં ૨૭, ૧૯૮૫માં ૪૨, ૧૯૮૬માં ૬૦, ૧૯૮૭માં ૭૦, ૧૯૮૮માં ૭૯, અને ૧૯૮૯માં ૩૦૦ જેટલા બોમ્બધડાકાઓ થયા.

### ફારૂખ અબ્દુલાએ શાસન સંભાળતાં જ ૨૦૦ જેટલા કાશ્મીરી આતંકવાદીઓને છોડી દીધા

ભારતીય સૈન્યે જાનના જોખમે સેંકડો આતંકવાદીઓ અને આવી પ્રવૃત્તિને સાથ આપનારને પકડી જેલ ભેગા કર્યા હતા. ફારૂખ અબ્દુલાએ શાસન સંભાળતાં જ ૨૦૦ જેટલા કાશ્મીરી આતંકવાદીઓને છોડી દીધા. ૧૯૮૯ના પ્રારંભમાં ૨૩ ખૂંખાર આતંકવાદીઓને રાષ્ટ્રની મુખ્ય ધારામાં સામેલ કરવાના બહાના નીચે છોડી મૂકવામાં આવ્યા. આતંકવાદીઓ છૂટી ગયા બાદ કાશ્મીર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની બનેલી સમિતિએ તેમની આતંકવાદી પ્રવૃત્તિને ઉચિત ઠેરવી. ત્યારબાદ બીજા ૭૦ આતંકવાદીઓને છોડી મૂકવામાં આવ્યા. તેમને છોડી દેવાથી રાષ્ટ્રે કેવા ગંભીર પરિણામો ભોગવ્યાં ? એ બાબતમાં ૨૪ માર્ચ ૧૯૯૧નું ઓર્ગેનાઈઝર અખબાર જણાવે છે કે આ બધા આતંકવાદીઓને છોડી દીધા બાદ તેના પર કોઈ વોચ રાખવામાં આવી નહીં અને આ બધા જ યુવાનો ફરી આતંકવાદી સંસ્થાઓમાં જોડાઈ ગયા.

ડૉ. રૂબિયા સઈદના અપહરણ (તા. ૮-૧૨-૧૯૮૯) પછી તો આતંકવાદ તેની ચરમસીમાએ પહોંચી ગયો હતો. માત્ર ૧૧ મહિનામાં જ ૧૬૦૦ જેટલી હિંસક ઘટનાઓ બની જેમાં ૩૫૧ બોમ્બવિસ્ફોટ થયા હતા. ૧ થી ૧૯ જાન્યુઆરી ૧૯૯૦ દરમિયાન ૩૧૯ જેટલી હિંસક ઘટનાઓ બની જેમાં ૨૧ ઘટનાઓ આધુનિક હથિયારો

દ્વારા હુમલાઓ, ૧૧૪ બોમ્બવિસ્ફોટ અને સામૂહિક હત્યાઓની ૭૨ ઘટનાઓનો સમાવેશ થાય છે.

### ૯૦ના દસકમાં હિન્દુ મંદિરો તૂટ્યાં

૯૦ના દસકમાં કાશ્મીર ઘાટીમાં વિનાશનું એવું તાંડવ ખેલાયું હતું કે જેથી લગભગ પાંચ લાખ હિંદુ લોકોને પોતાનાં ઘરબાર છોડીને પોતાના જ વતનમાં શરણાર્થી બનવું પડ્યું હતું. અહીં અનેક મંદિરો તોડી નખાયાં, બાળી નખાયાં અને અપવિત્ર કરાયાં. કાશ્મીર ઘાટીમાં મંદિરોની સંખ્યા કેટલી તેની કોઈ ચોક્કસ ગણતરી નથી પણ સેંકડો મંદિરો તોડી પડાયાં. ૧૨મી માર્ચ, ૧૯૯૨માં અમરેલીના સંસદ સભ્ય શ્રી દિલીપભાઈ સંઘાણીએ લોકસભામાં તે સમયના ગૃહ રાજ્યમંત્રી એમ. એમ. જેકબને સવાલ પૂછ્યો હતો કે છેલ્લાં ત્રણ વર્ષોમાં જમ્મુ અને કાશ્મીરમાં કેટલાં ધર્મસ્થળોને નુકસાન પહોંચાડાયું છે ?

આના જવાબમાં જેકબે જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર સરકાર મુજબ ૧૯૮૯માં ૩૮, ૧૯૯૦માં ૯ અને ૧૯૯૧માં ૧૬ ધાર્મિક સ્થળોને નુકસાન પહોંચ્યું છે. આ આંકડાની સંખ્યામાં વધારો થયો. ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨ પછીના સમયમાં ત્રાસવાદી વિચારધારા ધરાવતા લોકોએ ફક્ત મંદિરો જ નથી તોડ્યાં, ગૌશાળાઓ અને ધર્મશાળાઓ પણ જલાવી રાખ કરી નાખી છે.

### ભારતીય સેના પણ જોરદાર જવાબ આપે છે

૨૬ નવેમ્બર, સન ૨૦૦૩ના રોજ ભારત-પાકિસ્તાન બંને દેશો વચ્ચે જમ્મુ-કાશ્મીરની ૨૬૪ કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ અને ૮૧૪ કિલોમીટર લાંબી અંકુશ રેખા ઉપર સીઝફાયર એટલે કે શસ્ત્રવિરામની મૌખિક સમજૂતી થઈ હતી, પરંતુ પાકિસ્તાને માત્ર બે જ મહિનામાં આ સમજૂતીનો ભંગ કરી સરહદે અડપલાં શરૂ કરી દીધાં હતાં. વારંવાર યુદ્ધવિરામ ભંગ કરવા પાછળ પાકિસ્તાનનો ઈરાદો એ હોય છે કે પાકિસ્તાનમાં પ્રશિક્ષણ મેળવેલા આતંકવાદીઓને ભારતમાં ઘુસાડવા તેમને ક્વરિંગ ફાયર આપવું.

૨૦૧૬માં ભારતીય સેનાની સર્જિકલ સ્ટ્રાઈકથી રઘવાઈ થયેલી પાકિસ્તાની સેનાએ વારંવાર સીઝફાયર વાયોલેશન શરૂ કર્યું છે. ભારતીય સેના પણ તેનો જોરદાર જવાબ આપે છે. ૨૦૧૭માં પાકિસ્તાન તરફથી લગભગ ૩૭૯થી વધુ વખત સીઝફાયર ભંગ કરવામાં આવ્યો.

૨૦૧૬માં ૨૩૩ અને ૨૦૧૫માં ૨૨૨ વખત શસ્ત્રવિરામ ભંગ કરાયો હતો. છેલ્લાં ત્રણ વર્ષમાં શસ્ત્રવિરામ ભંગના કિસ્સામાં ૪૦ નિર્દોષ નાગરિકોનાં મૃત્યુ થયાં હતાં.

૨૦૧૪માં ભારતીય સેનાના ૫૧ જવાન શહીદ થયા હતા તો જવાબમાં ભારતીય સુરક્ષા દળોએ ૧૧૦ જેટલા આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ૨૦૧૫માં ૪૧ જવાન શહીદ થયા હતા તો ૧૧૩ આતંકવાદીઓના ઢીમ ઢાળી દીધાં હતાં. ૨૦૧૬માં સુરક્ષા દળોના ૮૮ જવાનો શહીદ થયા હતા તો ૧૬૫ આતંકવાદીઓને ઢેર કરી દેવામાં આવ્યા હતા. ૨૦૧૭માં ભારતના ૮૩ જવાન શહીદ થયા હતા તો સેનાના ઓપરેશન ઓન આઉટમાં ૨૧૮ આતંકવાદીઓનો સફાયો કરી દેવામાં આવ્યો હતો.

### કાશ્મીરની પ્રજાએ પણ જાગ્રત બની સૈન્યની સાથે આતંકવાદીઓનો સામનો કરવો પડશે

કાશ્મીરમાં વર્ષોથી ચાલતી આતંકવાદી પ્રવૃત્તિ સામે ભારતીય સેના લડી રહી છે. કાશ્મીર ખીણની કુદરતી રચના જ એવી છે કે આતંકવાદીઓ સામે લડતાં લડતાં સેનાના જવાનોની ખુવારી વધુ થાય છે. આજ દિવસ સુધી આપણા હજારો જવાનો કાશ્મીરની રક્ષા કાજે શહીદ થઈ ગયા છે. કાશ્મીરમાંથી આતંકવાદને સંપૂર્ણ નેસ્તનાબૂદ કરવા કાશ્મીરીઓએ પણ હવે સંપૂર્ણ જાગૃત બની લશ્કરની મદદે આવવું પડશે. એક વાત સ્પષ્ટ છે કે આતંકવાદીઓને સ્થાનિક લોકોનો સાથ-સહકાર ન મળે તો તેઓ પોતાની આતંકવાદી પ્રવૃત્તિ લાંબો સમય ન ચલાવી શકે. આતંકવાદીઓને સ્થાનિક લોકો દ્વારા આશરો, ભોજન-પાણી, હથિયારો સંતાડવા માટેની સગવડ, માહિતીઓની આપ-લે, સંચાર માધ્યમોની સવલતો, ગુપ્ત માહિતીઓ જેવી અનેક સગવડો પૂરી પાડવામાં આવતી હોય તેવું લાગે છે. તો જ આતંકવાદી પ્રવૃત્તિ આટલો લાંબો સમય સુધી ચાલુ રહી શકે અને તો જ આતંકવાદીઓ તેના મનસૂબામાં સફળ થઈ શકે. કાશ્મીરીઓ એ વાત કેમ નથી સમજતા કે કાશ્મીર માત્ર ભારતનું નહીં, દુનિયાભરનું સ્વર્ગ છે. કુદરતે મન મૂકીને સૌંદર્ય આપ્યું છે. માત્ર ભારતમાંથી જ નહીં, દુનિયાભરમાંથી પ્રવાસીઓ અહીં આવે. ભારતમાં કોઈ પ્રદેશમાં ન વિકસ્યો હોય તેવો પર્યટન ઉદ્યોગ અહીં વિકસે. પ્રત્યેક કાશ્મીરીઓના ઘરમાં પર્યટન ઉદ્યોગ દ્વારા સોનાનો સૂરજ ઊગે. ૨૧મી સદીના ભારત સાથે કાશ્મીરની પ્રજાને પણ વિકાસનાં મીઠાં ફળ ચાખવા મળે. કાશ્મીરના બાળકોને પણ ઉચ્ચ શિક્ષણ

મળે. પ્રજાને સુખ-સગવડ મળે. કાશ્મીર વિકસિત બને, પણ આ બધું ત્યારે જ શક્ય બનશે કે જ્યારે કાશ્મીરનો પ્રત્યેક નાગરિક દૃઢ સંકલ્પ લેશે કે તે આતંકવાદને નાથવા કટિબદ્ધ બનશે. કાશ્મીરની પ્રજા પણ, ખાસ કરીને યુવાનો દૃઢ મનોબળ સાથે આતંકવાદ સામે લડવા મેદાનમાં આવશે ત્યારે જ કાશ્મીરમાં સોનાનો સૂરજ ઊગશે. બાકી યુવાનો હાથમાં પથ્થર લઈ આતંકવાદીઓને બદલે સેના સામે લડવા મેદાનમાં હશે ત્યાં સુધી કાશ્મીર અંધકારમાં જ રહેશે.

**કેન્દ્રની ભાજપા સરકાર પણ ગંભીરતાપૂર્વક પૂરતાં પગલાં ભરી રહી છે**

દસકાઓ જૂની કાશ્મીર સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવી જાય તેના માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકાર ગંભીરતાથી પગલાંઓ ભરી રહી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌ પ્રથમ તો પાકિસ્તાનને વૈશ્વિક સ્તર પર બદનામ કરવામાં અને અલગ-થલગ પાડવામાં સફળ થયા છે. દુનિયાના દેશો માનવા લાગ્યા છે કે પાકિસ્તાન ઈરાદાપૂર્વક આતંકવાદી પ્રવૃત્તિને વેગ આપી રહ્યું છે. સર્જિકલ સ્ટ્રાઈક કરીને તો મોદી સરકારે પાકિસ્તાનની ઊંઘ ઉડાડી મૂકી છે. સંરક્ષણ બજેટમાં પણ વધારો કરી સૈન્ય શક્તિ વધારવામાં આવી છે. તાજેતરમાં જ સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારમને જણાવ્યું હતું કે ડિફેન્સ કાઉન્સિલરની બેઠકમાં આશરે ૧૫૯૩૫ કરોડ રૂપિયા તાત્કાલિક ધોરણે મંજૂર કરી દેવામાં આવ્યા છે, જેનો સૌથી વધુ ઉપયોગ ઓછા વજનવાળી મશીનગન ખરીદવામાં કરાશે. સેનાની ત્રણેય પાંખ માટે ૭.૪ લાખ અસોલ્ટ રાઈફલ્સ બનાવવામાં આવશે. આ રાઈફલ્સનું ઉત્પાદન ભારતમાં જ કરવામાં આવશે. ઉપરાંત સ્નાઈપર રાઈફલ્સને પણ મંજૂરી આપી છે. કાશ્મીર સરહદે એરીયલ વ્હીકલ્સ તૈનાત કરવામાં આવ્યાં છે. ઉપરાંત માનવ રહિત વાહનો અને ટેક્નોલોજીને પણ સરહદે ઉપયોગમાં લેવાઈ રહી છે.

**જેહાદના નામે વિશ્વ લોહીલુહાણ**

અનેક ત્રાસવાદી સંગઠનોએ જેહાદના નામે વિશ્વભરમાં આતંકવાદી હુમલાઓ કરી આ સુંદર જગતને બિહામણું કરી નાંખ્યું છે. દુનિયાના અનેક દેશોમાં જેહાદના નામે મુસ્લિમ પ્રજાને ગેરમાર્ગે અને ત્રાસવાદના માર્ગે આ ત્રાસવાદી સંગઠનોએ લઈ જઈ આતંકવાદી હુમલાઓ કરાવ્યા છે. તાજેતરમાં જ સમાચાર માધ્યમમાં આવ્યું હતું કે પાકિસ્તાની આતંકવાદી સંગઠનના સરગણા અને આંતરરાષ્ટ્રીય સ્તરે આતંકવાદી જાહેર કરવામાં આવેલ સૈયદ સલાઉદ્દીને કાશ્મીર માટે ઝેર ઓક્યું છે. સલાઉદ્દીને પાકિસ્તાનમાં ઈસ્લામાબાદ ખાતે એક સભાને સંબોધતાં કહ્યું હતું કે, કાશ્મીર સમસ્યાનો એક જ ઉકેલ છે જેહાદ. આતંકવાદીઓ અને જેહાદીઓને તૈયાર કરવાની પાકિસ્તાન સ્થિત આ ફેક્ટરીમાં કાશ્મીરમાં આતંક ફેલાવવાના પ્લાન રજૂ થયા હતા. કાશ્મીરની પ્રજાએ સંગઠિત અને જાગૃત થઈ આતંકવાદીઓના આ મનસૂબા પર પાણી ફેરવવું પડશે.

**કાશ્મીરની પ્રજાએ નક્કી કરવું પડશે 'વિકાસ જોઈએ છે કે વિનાશ'**

આદરણીય શ્રી અટલ બિહારી વાજપેયીજીએ કાશ્મીર વિષે એકવાર કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર અને બાકીના ભારત વચ્ચે એક મનોવૈજ્ઞાનિક દીવાલ છે, જે જમ્મુ-કાશ્મીરમાં અસ્થિરતા પેદા કરે છે. આ દીવાલ ભારતવિરોધી તત્ત્વોને તાકાતવાર બનાવે છે. તે એકતાના માર્ગમાં બહુ મોટી મુશ્કેલી છે. હવે આ દીવાલને પાડી, જમ્મુ-કાશ્મીર, દેશનાં અન્ય રાજ્યોની જેમ જ ભારતના પ્રજાતંત્રમાં, વિકાસની સફરમાં આદર અને સન્માનનું સ્થાન મેળવે તે જરૂરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ તાજેતરમાં જ કાશ્મીરની મુલાકાત સમયે જાહેર પ્રવચનમાં કહ્યું હતું કે, કાશ્મીરના યુવાનો પથ્થર જરૂર ઉઠાવે પણ એ પથ્થર કાશ્મીરના વિકાસ માટેના પુલ બાંધવા માટે હોય, નવા રસ્તા બનાવવા માટે હોય, શાળા કે કૉલેજ બાંધવા માટે હોય. જ્યારથી કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપા સરકાર કાર્યરત થઈ છે, દેશમાં વિકાસની એક નવી પરિભાષા અમલી બની છે. દેશ આજે વિકાસની દોડમાં હરણફાળ ભરી રહ્યો છે ત્યારે ભારતનું કાશ્મીર રાજ્ય તેમાંથી બાકાત કેમ રહી શકે ?

ભાજપાએ કાશ્મીરમાં પીડીપી પક્ષ સાથે સંયુક્ત રીતે સરકારની રચના કરી, કાશ્મીરને વિકાસની નવી દિશા બતાવી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઇચ્છા છે કે કાશ્મીર દુનિયાનો નંબર વન પર્યટન ઉદ્યોગ બને. પર્યટન ઉદ્યોગના વિકાસ દ્વારા કાશ્મીરની પ્રજાને ૨૧મી સદીનાં વિકાસનાં મીઠાં ફળ ચાખવા મળે. ભારતના જ નહીં દુનિયાભરના લોકો કાશ્મીરનું સૌંદર્ય માણવા આવે. કાશ્મીરની પ્રજા ભારતનાં અન્ય રાજ્યો સાથેના ચાલુ પ્રવાહમાં ભળે, બસ, શરત એટલી છે કે કાશ્મીરની પ્રજાએ હવે જાગૃત બની આતંકવાદીઓનો હાથો બનવાને બદલે તેનો સફાયો કરવા મેદાનમાં આવવું પડશે. •

## ૭૪ નગરપાલિકા પૈકી ભાજપની ૫૫ નગરપાલિકાઓ બની

વિધાનસભા, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતની પેટાચૂંટણી હોય કે પછી નગરપાલિકાની ચૂંટણીનાં પરિણામોમાં જનતા જનાર્દને ભાજપની વિચારધારા અને વિકાસની રાજનીતિને સમર્થન આપ્યું છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની સંવેદનશીલ અને પ્રગતિશીલ સરકારને જનસમર્થન મળ્યું છે. કોંગ્રેસની વેરઝેર, જાતિવાદ અને નકારાત્મક રાજનીતિને જાકારો મળ્યો છે.

ખેડા જિલ્લાની ૬ નગરપાલિકાના પદાધિકારીઓની નિયુક્તિ કરવાની હતી જેમાં, મહેમદાબાદમાં ભાજપની પૂર્ણ બહુમતી હતી, બાલાસિનોર, મહુધા, ડાકોર અને ખેડા નગરપાલિકામાં ભાજપે સમર્થનથી અને ચકલાસી નગપાલિકામાં સમર્થન આપીને ભાજપ શાસિત નગરપાલિકાઓ બનાવી છે. આમ, ૭૫ નગરપાલિકાની ચૂંટણીમાં ૭૪ નગરપાલિકાઓમાં પદાધિકારીઓની વરણી કરી દેવામાં આવી છે. ૭૪ નગપાલિકા પૈકી ૫૫ નગરપાલિકાઓ ભાજપની બની છે અને દેવગઢ નગરપાલિકા હજુ અનિર્ણિત છે. ત્યારે કોંગ્રેસે આ પહેલા ૨૪ નગરપાલિકાઓમાં વિજય થયો છે તેવો જોર-શોરથી દાવો કર્યો તો પરંતુ કોંગ્રેસનો એ દાવો વાસ્તવિકતામાં પોકળ સાબિત થયો છે. કોંગ્રેસના વિચારો, કાર્યક્રમો અને દાવાઓ હંમેશા નકારાત્મક અને જૂઠ્ઠા હોય છે.

## ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલય વિધાનસભા ચૂંટણી પરિણામોમાં કેસરિયો લહેરાયો ગુજરાત સહિત સમગ્ર દેશમાં ભાજપની જીતનાં વધામણાં

### પૂર્વોત્તર રાજ્યોમાં ભાજપના વિજય બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ભાજપને ગુજરાત ભાજપ વતી અભિનંદન પાઠવતા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી



પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલય વિધાનસભાના જાહેર થયેલા પરિણામોમાં ભાજપે મેળવેલી ભવ્ય જીત બદલ પ્રદેશ ભાજપ વતી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ સહિત કેન્દ્રીય ભાજપને અભિનંદન પાઠવ્યાં હતાં. તથા દેશનાં ૧૯ રાજ્યોએ અપનાવેલી વિકાસની યાત્રામાં જોડાવા બદલ પૂર્વોત્તરના મતદારોનો આભાર માની અભિનંદન પાઠવ્યા હતા .

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ અપનાવેલી પૂર્વોત્તર રાજ્યો માટેની નીતિ, ભાજપની વિચારધારા, કેન્દ્ર સરકારની પ્રજાલક્ષી - વિકાસલક્ષી કામગીરી અને શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સંગઠને કરેલી કામગીરીને ત્યાંની જનતાએ વધાવી લીધી છે. ૨૦૧૩માં ભાજપની બેઠકો નહોતી ત્યાં આજે સરકાર બની રહી છે અને કોંગ્રેસ બે રાજ્યોમાં તો એક પણ બેઠક મેળવી શકી નથી. આ જ બતાવે છે કે, કોંગ્રેસની ભાગલાવાદી અને તકવાદી નીતિ તેમજ વંશવાદને જાકારો આપ્યો છે.

પૂર્વોત્તર રાજ્યોમાં ભાજપના થયેલા વિજયને રાજ્યમાં જિલ્લા અને મહાનગરોમાં ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી વધાવવામાં આવ્યો હતો . પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય સરકારના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા ભાવનગર ખાતે વિજયોત્સવમાં જોડાયા હતા .

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## કેન્દ્રીય કાર્યાલય દિલ્હી ખાતે યોજાયેલ મુખ્યમંત્રી પરિષદની તસવીર




## ઉત્તરપૂર્વના ભવ્ય વિજયની ઉજવણીની તસવીરો





**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.